સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 46** (13/11/22 to 19/11/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)













JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**13 NOV-2022**


- દિવસ મહિમા : 13 નવેમ્બર, વિશ્વ દયા દિવસ અથવા તો વિશ્વ દયાળુતા દિવસ ..... 02
- ભારતની સુપ્રીમ કોર્ટના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી ડી.વાય. ચંદ્રચૂડના શપથ ..... 02
- 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેશન ..... 06
- QUESTION ANSWERS ..... 08


**14 NOV-2022**


- દિવસ મહિમા : 07 નવેમ્બર, બાલ દિન (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન), વિશ્વ ડાયાબિટીસ દિન (વિશ્વ મધુપ્રમેહ દિવસ) ..... 09
- ICC T-20 વર્લ્ડ કપ 2022માં ઈંગ્લેન્ડ ચેમ્પિયન ..... 09
- QS Asia University Rankings 2023 ..... 12
- QUESTION ANSWERS ..... 13


**15 NOV-2022**


- દિવસ મહિમા : 15 નવેમ્બર, જનજાતિય ગૌરવ દિવસ અથવા આદિવાસી ગૌરવ દિવસ ..... 15
- ઈન્ડિયન બાયોલોજિકલ ડેટા સેન્ટર (IBDC) ..... 16
- QUESTION ANSWERS ..... 18


**16 NOV-2022**


- દિવસ મહિમા : 16 નવેમ્બર, રાષ્ટ્રીય પ્રેસ દિવસ અથવા રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ, આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ, ઓડિટ દિવસ ..... 19
- ભારતનો પ્રથમ મલ્ટી-મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP) ચેન્નાઈમાં બાંધવામાં આવશે ..... 20
- Global Carbon Budget 2022 રિપોર્ટ ..... 21
- QUESTION ANSWERS ..... 23


**17 NOV-2022**


- ઈન્ડોનેશિયાના બાલીમાં 17મી G20 Summit 2022 યોજાય ..... 24
- વિશ્વની વસતી 8 અબજ ..... 26
- QUESTION ANSWERS ..... 29


**18 NOV-2022**


- Climate Change Performance Index - 2023 ..... 30
- આર્ટેમિસ - 1 : NASA ..... 31
- એમેઝોન વરસાદી જંગલ/એમેઝોન રેઈન ફોરેસ્ટ ..... 33
- QUESTION ANSWERS ..... 35


**19 NOV-2022**


- દિવસ મહિમા : 19 નવેમ્બર, શ્રીમતી ઈન્દીરા ગાંધી જન્મદિન, વિશ્વ શૌચાલય દિવસ, International Men's Day ..... 36
- 'No Money For Terror' કોન્ફરન્સ ..... 38
- QUESTION ANSWERS ..... 39

ONE LINER ..... 40

QUESTION OF THIS WEEK ..... 47


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 13 નવેમ્બર, વિશ્વ દયા દિવસ અથવા તો વિશ્વ દયાળુતા દિવસ (World Kindness Day)

## ભારતની સુપ્રીમ કોર્ટના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી ડી.વાય. ચંદ્રચુડના શપથ



9 નવેમ્બર, 2022ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી ધનંજય યશવંત ચંદ્રચુડે શુપથ લીધા છે.

- ભારતમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ શ્રી ધનંજય યશવંત ચંદ્રચુડને ચીફ જસ્ટિસ તરીકેના શપથ અપાવ્યા હતા.
- 8 નવેમ્બર 2022ના રોજ નિવૃત્ત થયેલ ચીફ જસ્ટિસ શ્રી ઉદય ઉમેશ લલિત (શ્રી યૂ.યૂ. લલિત)ના સ્થાને શ્રી ધનંજય યશવંત ચંદ્રચૂડ સુપ્રીમ કોર્ટના નવા ચીફ જસ્ટિસ બન્યા છે.
- તેઓ બે વર્ષ સુધી આ પદ પર રહેશે.

### શ્રી ડી. વાય. ચંદ્રચુડ



શ્રી ડી.વાય.ચંદ્રચુડનો જન્મ 11 નવેમ્બર, 1959ના રોજ થયો હતો.

- શ્રી ડી. વાય. ચંદ્રચુડનું પૂરું નામ ધનંજય યશવંત ચંદ્રચુડ છે.
- તેમના પિતાનું નામ શ્રી વાય.વી. ચંદ્રચુડ છે.
- શ્રી ડી.વાય. ચંદ્રચુડના પિતા શ્રી વાય.વી. ચંદ્રચુડ ભારતની સુપ્રીમ કોર્ટના 16માં મુખ્ય ન્યાયાધીશ હતા.
- જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ ભારતના પ્રથમ પેઢીના મુખ્ય ન્યાયાધીશ છે.
- તેમણે બોમ્બે હાઈકોર્ટમાં વર્ષ 2000 થી 2013 સુધી જજ તરીકે સેવા આપી હતી.
- ત્યારબાદ તેઓએ 31 ઓક્ટોબર 2013 થી 12 મે 2016 સુધી અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપી હતી.
- ત્યારબાદ 13 મે 2016 થી 8 નવેમ્બર, 2022 સુધી ભારતની સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે હતા.

### સુપ્રીમ કોર્ટ

ભારતની સુપ્રીમ કોર્ટ (Supreme Court)ને 'સર્વોચ્ચ ન્યાયાલય', 'સર્વોચ્ચ અદાલત' કે 'ઉચ્ચતમ ન્યાયાલય' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ભારતીય બંધારણના ભાગ–5માં અનુચ્છેદ 124 થી 147 અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- 28 જાન્યુઆરી, 1950ના રોજ નવી દિલ્હી ખાતે Chamber of Princessમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં 'ભારત સરકાર અધિનિયમ, 1935' હેઠળ 'ફેડરલ કોર્ટ'ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ 'ફેડરલ કોર્ટ'ની અનુગામી સંસ્થા છે.
- વિશ્વના અન્ય ન્યાયાલયોની સરખામણીએ ભારતના સર્વોચ્ચ ન્યાયાલયને સૌથી વધુ અધિકારક્ષેત્ર અને સત્તા પ્રાપ્ત છે.
- ભારતમાં સર્વોચ્ચ ન્યાયાલય નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષક તરીકે કાર્ય કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 124માં સર્વોચ્ચ અદાલતની સ્થાપનાની જોગવાઈ છે.
- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર હતા.

## સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશની સંખ્યા

ભારતીય બંધારણના અનુચ્છેદ 124 મુજબ ભારતની એક સર્વોચ્ચ ન્યાયાલય હશે. જેમાં એક મુખ્ય ન્યાયાધીશ અને 7 અન્ય ન્યાયાધીશ રહેશે. જ્યાં સુધી સંસદ કોઈ કાયદા દ્વારા સંખ્યા ન વધારે ત્યાં સુધી આ સંખ્યા યથાવત્ રહેશે.

- સંસદે પોતાની આ શક્તિનો ઉપયોગ કરીને ક્રમશ : ઈ.સ. 1956માં ન્યાયાધીશોની સંખ્યા 8 (1 મુખ્ય ન્યાયાધીશ + 7 અન્ય ન્યાયાધીશ)માંથી 11 (1 મુખ્ય ન્યાયાધીશ + 10 અન્ય ન્યાયાધીશ), ઈ.સ. 1960માં 14 (1 મુખ્ય ન્યાયાધીશ + 13 અન્ય ન્યાયાધીશ), ઈ.સ. 1978માં 18 (1 મુખ્ય ન્યાયાધીશ + 17 અન્ય ન્યાયાધીશ), ઈ.સ. 1986માં 26 (1 મુખ્ય ન્યાયાધીશ + 25 અન્ય ન્યાયાધીશ) અને 2008માં 'સર્વોચ્ચ ન્યાયાલય (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા અધિનિયમ, 2008' પસાર કરીને ન્યાયાધીશોની સંખ્યા 31 (1 મુખ્ય ન્યાયધીશ + 30 અન્ય ન્યાયાધીશ)કરવામાં આવી હતી.
- ત્યારબાદ થોડા સમય અગાઉ સંસદ દ્વારા 'સર્વોચ્ચ ન્યાયાલય (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા અધિનિયમ, 2019' પસાર કરી સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયધીશોની સંખ્યા 31 થી વધારી 34 (1 મુખ્ય ન્યાયાધીશ + 33 અન્ય ન્યાયાધીશ)કરવામાં આવી હતી.
- આથી, હાલ ભારતની સુપ્રીમ કોર્ટમાં 1 મુખ્ય ન્યાયાધીશ અને 33 અન્ય ન્યાયાધીશ મળીને કુલ 34 ન્યાયાધીશોની નિમણૂક કરી શકાય છે.

**નોંધ :** ભારતીય સંસદને ન્યાયાધીશની સંખ્યામાં વધારો કરવાની સત્તા પ્રાપ્ત છે. પરંતુ સંખ્યામાં ઘટાડો કરવાની સત્તા પ્રાપ્ત નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણના અનુચ્છેદ 124(3) મુજબ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત નીચે મુજબ છે :

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના (વડી અદાલતના) ન્યાયાધીશ હોવા જોઈએ.

**અથવા**

- તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ.

**અથવા**

- રાષ્ટ્રપતિ મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

## કાર્યકાળ

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો વધુમાં વધુ 65 વર્ષની ઉંમર સુધી પદ પર રહી શકે છે.

નોંધ: (1) સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ બનવા માટે ન્યૂનતમ વય મર્યાદા નક્કી કરવામાં આવી નથી.

(2) સુપ્રીમ કોર્ટનો મુદ્રાલેખ છે : 'યતો ધર્મસ્તતો જય:' એટલે કે "જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે."

(3) સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક કામકાજ માટે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે.

(4) ભારતીય બંધારણના અનુચ્છેદ 124(2) મુજબ રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

(5) ભારતીય બંધારણના અનુચ્છેદ 124(4) અંતર્ગત દર્શાવેલ પ્રક્રિયા અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને તેમના પદ પરથી દૂર કરી શકાય છે.

(6) ભારતમાં સૌપ્રથમ ઈ.સ. 1861માં કોલકાતા, મુંબઈ અને મદ્રાસ ખાતે અદાલતની સ્થાપના થઈ હતી. આ અદાલતોની સ્થાપના 'ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ, 1862' મુજબ કરવામાં આવી હતી.

## સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને શપથ

ભારતીય બંધારણના અનુચ્છેદ 124(6) અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને ભારતના રાષ્ટ્રપતિ અથવા તો રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ શપથ અપાવે છે.

- તેમણે ભારતીય બંધારણની ત્રીજી અનુસૂચિમાં આપેલ નમૂના અનુસાર હોદ્દાના શપથ અથવા તો પ્રતિજ્ઞા લેવાની હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનો પગાર

| ક્રમ | હોદ્દો | પ્રતિમાસ પગાર રૂપિયામાં |
|---|---|---|
| 1 | સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ | 2,80,000 |
| 2 | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ | 2,50,000 |
| 3 | હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ | 2,50,000 |
| 4 | હાઈકોર્ટના ન્યાયાધીશ | 2,25,000 |

## સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી હરિલાલ જે. કણિયા ગુજરાતી હતા.

- જસ્ટિસ મુહમ્મદ હિદાયતુલ્લાહ સુપ્રીમ કોર્ટના એવા મુખ્ય ન્યાયાધીશ હતા કે જેમણે ભારતના કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી.
- સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ શ્રીમતી ફાતિમાબીબી હતા.
- જેમની વિરુદ્ધ સૌપ્રથમ ન્યાયાધીશ પદેથી હટાવવાનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હોય તેવા સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ શ્રી વી.રામાસ્વામી હતા. જોકે તેમની વિરુદ્ધ આ મહાભિયોગનો પ્રસ્તાવ પાછો ખેંચવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતમાં જન્મ થયો હોય તેવા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

| ક્રમ (કેટલામાં મુખ્ય ન્યાયાધીશ) | નામ | જન્મ સ્થળ |
|---|---|---|
| 1 | શ્રી હરિલાલ જે. કણિયા | નવસારી |
| 12 | શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ | અમદાવાદ |
| 17 | શ્રી પી.એન. (પ્રફૂલચંદ નટવરલાલ) ભગવતી | અમદાવાદ |
| 26 | શ્રી અઝીઝ મુશબ્બર અહમદી | સુરત |

**નોંધ :** સુપ્રીમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી હરિલાલ જે. કણિયાના ભત્રીજા શ્રી એમ.એચ (મધુકર હીરાલાલ) કણિયા પણ ભારતના મુખ્ય ન્યાયાધીશ બન્યા હતા. જોકે, શ્રી એમ.એચ. કણિયાનો જન્મ મુંબઈમાં થયો હતો.

## સુપ્રીમ કોર્ટ સંબંધિત બંધારણના મહત્વના અનુચ્છેદ

ભારતીય બંધારણના ભાગ–5માં અનુચ્છેદ 124 થી 147 અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે. જેમાંથી કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ–124 | સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ–124(1) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં ફેરફાર કરવાની સંસદની સત્તા |
| અનુચ્છેદ–124(2) | રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક |
| અનુચ્છેદ–124(3) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત |
| અનુચ્છેદ–124(4) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા |
| અનુચ્છેદ–124(6) | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની રાષ્ટ્રપતિ સમક્ષ શપથ વિધિ |
| અનુચ્છેદ–125 | સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોના વેતન અને ભથ્થાં |
| અનુચ્છેદ–126 | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક |
| અનુચ્છેદ–127 | તદર્થ (Ad-hoc) ન્યાયાધીશોની નિમણૂક |
| અનુચ્છેદ–129 | નજીરી અદાલત (Court of Record) |
| અનુચ્છેદ–131 | સુપ્રીમ કોર્ટનું મૂળ અધિકારક્ષેત્ર |
| અનુચ્છેદ–132 | સુપ્રીમ કોર્ટનું અપીલ અધિકારક્ષેત્ર |
| અનુચ્છેદ–147 | અર્થઘટન |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેશન

તાજેતરમાં ભોપાલ રેલવે સ્ટેશન (મધ્યપ્રદેશ)ને મુસાફરોને ઉચ્ચ–ગુણવત્તાવાળા પૌષ્ટિક ખોરાક પ્રદાન કરવા માટે 4–સ્ટાર 'ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.




- 4 સ્ટાર રેટિંગ મુસાફરોને સલામત અને આરોગ્યપ્રદ ખોરાક પ્રદાન કરવા માટેના ધોરણો સાથે સ્ટેશનના સંપૂર્ણ પાલનનું સૂચક છે.

## ઈટ રાઈટ સ્ટેશન સર્ટિફિકેટ

<u>**FSSAI**</u> દ્વારા '<u>ઈટ રાઈટ સ્ટેશન</u>' પ્રમાણપત્ર એવા રેલવે સ્ટેશનોને એનાયત કરવામાં આવે છે જે મુસાફરોને સલામત અને આરોગ્યપ્રદ ખોરાક પૂરા પાડવાના ધોરણો (ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, 2006 મુજબ) નક્કી કરે છે.

- રેલવે સ્ટેશનને <u>1 થી 5 રેટિંગ</u> સાથે FSSAI એમ્પેનલ્ડ થર્ડ–પાર્ટી ઓડિટ એજન્સીના તારણોના આધારે ઉક્ત પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવે છે.
- આ પ્રમાણપત્ર અથવા સર્ટિફિકેટ '<u>ઈટ રાઈટ ઈન્ડિયા</u>' અભિયાનનો એક ભાગ છે.
- આનંદ વિહાર ટર્મિનલ રેલવે સ્ટેશન (દિલ્હી), છત્રપતિ શિવાજી ટર્મિનલ (મુંબઈ), મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન (મુંબઈ), વડોદરા રેલવે સ્ટેશન અને ચંદીગઢ રેલવે સ્ટેશનને અગાઉ આ સર્ટિફિકેટ મળી ચૂક્યું છે.

**નોંધ:** (1) FSSAIનું પૂરું નામ '<u>ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા</u>' છે.

(2) તે <u>'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006' (FSS એક્ટ)</u> હેઠળ સ્થાપિત એક સવાયત વૈધાનિક સંસ્થા છે.

(3) '<u>ઈટ રાઈટ ઈન્ડિયા</u>' મૂવમેન્ટ એ સરકાર અને FSSAIની એક પહેલ છે જે તમામ ભારતીયો માટે સલામત, સ્વસ્થ અને ટકાઉ ખોરાક સુનિશ્ચિત કરીને દેશની ખાદ્ય વ્યવસ્થામાં પરિવર્તન લાવે છે. તેની ટેગલાઈન '<u>ફૂડ રાઈટ, બેટર લાઈફ</u>' છે.




1. 'વિશ્વ દયા દિવસ' અથવા તો 'વિશ્વ દયાળુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 નવેમ્બર (B) 11 નવેમ્બર (C) 12 નવેમ્બર (D) 13 નવેમ્બર **(D)**

2. શ્રી ધનંજય યશવંત ચંદ્રચુડ ભારતની સુપ્રીમ કોર્ટના કેટલામાં મુખ્ય ન્યાયાધીશ બન્યા છે ?

(A) 48મા (B) 49મા (C) 50મા (D) 51મા **(C)**

3. ભારતની સુપ્રીમ કોર્ટના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી ધનંજય યશવંત ચંદ્રચુડને કોણે શપથ અપાવ્યા છે ?

(A) શ્રી યૂ.યૂ. લલીત (B) શ્રીમતી દ્રૌપદી મુર્મુ

(C) શ્રી જગદીપ ધનખર (D) તેમણે શપથ લેવાના હોતા નથી **(B)**

4. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં ભારતની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તથા મુખ્ય ન્યાયાધીશના શપથ અંગેની જોગવાઈ છે ?

(A) અનુચ્છેદ 124(3) (B) અનુચ્છેદ 124(4) (C) અનુચ્છેદ 124(5) (D) અનુચ્છેદ 124(6) **(D)**

5. ભારતીય બંધારણના અનુચ્છેદ 124(6) અનુસાર ભારતમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તથા મુખ્ય ન્યાયાધીશને હોદ્દાના શપથ કોણ અપાવે છે ?

(A) પૂર્વ ન્યાયાધીશ

(B) ઉપ રાષ્ટ્રપતિ

(C) દિલ્હીના ઉપરાજ્યપાલ

(D) રાષ્ટ્રપતિ અથવા તેમના દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ **(D)**

6. ભારતીય બંધારણના કયા ભાગમાં અનુચ્છેદ 124 થી 147 અંતર્ગત કોર્ટની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) ભાગ – 5 (B) ભાગ – 6 (C) ભાગ – 7 (D) ભાગ – 8 **(A)**


7. તાજેતરમાં નીચેના પૈકી કયા રેલવે સ્ટેશનને મુસાફરોને ઉચ્ચ–ગુણવત્તાવાળા પૌષ્ટિક ખોરાક પ્રદાન કરવા માટે 4–સ્ટાર 'ઈટ રાઈટ સ્ટેશન' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે ?

(A) રાજકોટ (B) ઉદયપુર (C) ભોપાલ (D) રાંચી **(C)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 નવેમ્બર, (1) બાલ દિન (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન)
## (2) વિશ્વ ડાયાબિટીસ દિન (વિશ્વ મધુપ્રમેહ દિવસ)

### વિશ્વ ડાયાબિટીસ દિવસ




સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 14 નવેમ્બરના રોજ 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (IDF) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા વર્ષ 1991થી આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.
- ડાયાબિટીસની સારવાર માટે ઉપયોગી ઈન્સ્યુલીન શોધ કરનાર સર ફ્રેડ્રીક બેન્ટિંગનો જન્મદિન 14 નવેમ્બર 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' તરીકે ઉજવાય છે.
- સર ફ્રેડ્રીક બેન્ટિંગે ચાર્લ્સ બેસ્ટ સાથે મળીને વર્ષ 1922માં ઈન્સ્યુલીનની શોધ કરી હતી.
- સ્વાદુપિંડ પૂરતા પ્રમાણમાં ઈન્સ્યુલિન ઉત્પન્ન કરતુ નથી અથવા શરીર ઉત્પાદિત ઈન્સ્યુલિનનો અસરકારક રીતે ઉપયોગ કરી શકતું નથી તેના કારણે તે બિન–ચેપી રોગ છે.
- ડાયાબિટીસના બે પ્રકાર છે : ટાઈપ-1 ડાયાબિટીસ અને ટાઈપ-2 ડાયાબિટીસ.
- સ્થૂળતા અને કસરતનો અભાવ ટાઈપ-2 ડાયાબિટીસના મુખ્ય કારણો છે.
- ટાઈપ-1 ડાયાબિટીસને રોકી શકતો નથી, પરંતુ તેને ઈન્સ્યુલિનના ઈન્જેક્શન વડે નિયંત્રિત કરી શકાય છે. ટાઈપ-2 ડાયાબિટીસ અટકાવી શકાય તેવું અને સારવાર યોગ્ય છે.
- વર્ષ 2021 થી 23ની 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની થીમ 'Access to diabetes care' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICC T-20 વર્લ્ડ કપ 2022માં ઈંગ્લેન્ડ ચેમ્પિયન




16 ઓક્ટોબર થી 13 નવેમ્બર 2022 દરમિયાન ઓસ્ટ્રેલિયામાં ICC T-20 મેન્સ વર્લ્ડ કપ 2022નું આયોજન થયું હતું.

- વર્ષ 2022માં યોજાયેલ આ 8મો ICC મેન્સ T-20 વર્લ્ડ કપ હતો.

- આ T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડએ પાકિસ્તાનને હરાવીને આ વર્લ્ડ કપ જીતી લીધો છે.
- આ ફાઈનલ મેચમાં પાકિસ્તાને ઈંગ્લેન્ડને 137 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જે ઈંગ્લેન્ડે 19 ઓવરમાં 138 રન કરી ચેમ્પિયન બન્યું હતું.
- આ સાથે ઈંગ્લેન્ડે બીજી વખત મેન્સ T-20 વર્લ્ડ કપનો ખીતાબ જીત્યો છે. આ અગાઉ વર્ષ 2010માં તેમણે T-20 મેન્સ વર્લ્ડ કપ જીત્યો હતો.

## T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ

ICC T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે 'મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમ'માં યોજાઈ હતી.

- આ ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર ખેલાડી શ્રી સેમ કૂરન 'મેન ઓફ ધ મેચ' જાહેર થયા હતા.

## મેન ઓફ ધ સિરીઝ

ICC T-20 વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડના દિગ્ગજ ક્રિકેટર શ્રી સેમ કૂરનને શાનદાર પ્રદર્શન કરવા બદલ 'પ્લેયર ઓફ ધ સિરીઝ' જાહેર કરવામાં આવ્યા હતા.

## ICC T-20 વર્લ્ડ કપ 2022ની કેટલીક મહત્વની બાબતો

- વર્ષ 2022માં યોજાયેલ આ ICC મેન્સ T-20 વર્લ્ડ કપની આઠમી આવૃત્તિ હતી.
- ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2022માં સૌથી વધુ 296 રન ભારતના શ્રી વિરાટ કોહલીએ ફટકાર્યા હતા.
- તથા આ વર્લ્ડકપમાં સૌથી વધુ 15 વિકેટ શ્રીલંકાના શ્રી વાનિન્દે હસરંગા એ ઝડપી હતી.
- આ ટુર્નામેન્ટ બે ગ્રુપમાં યોજાઈ હતી.
- જેમાં ગ્રુપ-1માં ન્યૂઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, આયર્લેન્ડ અને અફઘાનિસ્તાન હતું.
- જ્યારે ગ્રુપ-2માં ભારત, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, નેધરલેન્ડ, બાંગ્લાદેશ અને ઝિમ્બાબ્વે હતું.
- પ્રથમ સેમિફાઈનલ ન્યૂઝિલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે યોજાઈ હતી. જેમાં પાકિસ્તાનનો વિજય થયો હતો.
- બીજી સેમિફાઈનલ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ હતી. જેમાં ઈંગ્લેન્ડનો વિજય થયો હતો.
- નોંધનીય છે કે બે વખત મેન્સ T-20 વર્લ્ડ કપ જીતનાર વેસ્ટઈન્ડિઝની ટીમ વર્ષ 2022ના વર્લ્ડ કપ રમવા માટે ક્વોલીફાઈ થઈ ન હતી.
- T-20 વર્લ્ડ કપ 2022માં સૌથી વધુ સિક્સર ઝિમ્બાબ્વેના શ્રી સિકંદર રઝાએ ફટકારી હતી.
- ચેમ્પિયન બનેલી ઈંગ્લેન્ડની ટીમને 13.04 કરોડ રૂપિયાનું તથા રનર્સ–અપ પાકિસ્તાનની ટીમને 6.52 કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## T-20 મેન્સ વર્લ્ડ કપ વિજેતા ટીમો

| ક્રમ | વર્ષ | વિજેતા ટીમ | રનર્સ અપ |
|---|---|---|---|
| 1 | 2007 | ભારત | પાકિસ્તાન |
| 2 | 2009 | પાકિસ્તાન | શ્રીલંકા |
| 3 | 2010 | ઈંગ્લેન્ડ | ઓસ્ટ્રેલિયા |
| 4 | 2012 | વેસ્ટઈન્ડિઝ | શ્રીલંકા |
| 5 | 2014 | શ્રીલંકા | ભારત |
| 6 | 2016 | વેસ્ટઈન્ડિઝ | ઈંગ્લેન્ડ |
| 7 | 2021 | ઓસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ |
| 8 | 2022 | ઈંગ્લેન્ડ | પાકિસ્તાન |

**નોંધ:** (1) વર્ષ 2007માં સૌપ્રથમ T-20 વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) વર્ષ 2007માં સૌપ્રથમ ભારતે આ T-20 વર્લ્ડ કપ જીત્યો હતો.

(3) આગામી T-20 મેન્સ વર્લ્ડ કપ વેસ્ટ ઈન્ડિઝ અને યુનાઈટેડ સ્ટેટ્સમાં યોજાશે.

(4) વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડે બે–બે વખત T-20 વર્લ્ડ કપ જીત્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICC

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટનું સંચાલન 'International Cricket Council' (ICC) દ્વારા કરવામાં આવે છે.

- ICCની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.
- ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા વર્ષ 1909માં ઈમ્પીરીયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 1965માં તેનું નામ બદલીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ રાખવામાં આવ્યું. તથા વર્ષ 1987માં તેનું વર્તમાન નામ 'ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ' રાખવામાં આવ્યું હતું.
- તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય 'Cricket For Good' છે.
- ICCના ફૂલ ટાઈમ સભ્યોમાં કુલ 12 દેશોનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત ICC પાસે હાલમાં 108 સભ્ય દેશો છે.

## QS Asia University Rankings 2023

QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ 2023 તાજેતરમાં યુકે સ્થિત રેન્કિંગ ઓથોરિટી ક્વેક્વેરલી સાયમન્ડ્સ (QS) દ્વારા બહાર પાડવામાં આવી હતી.

- 2023 રેન્કિંગએ 'QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ'ની 15મી આવૃત્તિ છે તેમાં 757 સંસ્થાઓ સામેલ હતી.
- QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ 2023ની ટોચની પર્ફોમર યુનિવર્સિટી ચીનની 'પેકિંગ યુનિવર્સિટી' છે. જેનો એકંદર સ્કોર 100 છે.
- ટોચની 10 પ્રદર્શન કરતી યુનિવર્સિટીઓમાંથી પાંચ ચીનની હતી.
- કુલ 118 ભારતીય સંસ્થાઓ આ પ્રતિષ્ઠિત રેન્કિંગ્સમાં સ્થાન ધરાવે છે.
- ભારતીય યુનિવર્સિટીમાં IIT-બોમ્બે રેન્કિંગ્સમાં ટોચ પર છે. તે આ રેન્કિંગમાં 40મા ક્રમે છે.
- ભારતમાં બીજા ક્રમે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર IIT દિલ્હી છે, જે 46માં ક્રમે છે.

### QS Asia University Rankings 2023

| રેન્ક | યુનિવર્સિટી |
|---|---|
| 1 | પેકિંગ યુનિવર્સિટી, બેઈજિંગ–ચીન (મેઈનલેન્ડ) |
| 2 | નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપોર, સિંગાપોર |
| 3 | સિંધુઆ યુનિવર્સિટી, બેઈઝિંગ, ચીન |
| 4 | હોંગકોંગ યુનિવર્સિટી, હોંગકોંગ |
| 5 | નાન્યાંગ ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, સિંગાપોર |
| 40 | IIT - બોમ્બે, ભારત |
| 46 | IIT - દિલ્હી, ભારત |
| 52 | ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ, બેંગ્લોર ભારત |
| 53 | IIT - મદ્રાસ, ચેન્નાઈ, ભારત |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ: (1) QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ Quacquarelli Symonds (QS) દ્વારા વાર્ષિક ધોરણે બહાર પાડવામાં આવે છે. તે એશિયા ખંડની ટોચની યુનિવર્સિટીઓને પ્રકાશિત કરે છે.

(2) આ રેન્કિંગ્સ 11 સૂચકાંકો પર આધારિત છે. ફેકલ્ટી/વિદ્યાર્થી ગુણોત્તર, આંતરરાષ્ટ્રીય સંશોધન નેટવર્ક વગેરેનો સમાવેશ થાય છે.

(3) આ અગાઉ જૂન 2022માં QS World University Rankings 2023 પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું, જ્યારે તાજેતરમાં QS Asia University Rankings 2023 બહાર પાડવામાં આવી છે. જેની સર્વે વિદ્યાર્થી મિત્રોએ નોંધ લેવી.

1. ભારતમાં 'બાલ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર (C)

2. ભારતમાં કોનો જન્મદિન 'બાલ દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ

(C) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (D) ડો. રાધાકૃષ્ણન (A)

3. 'વિશ્વ ડાયાબિટીસ દિન' અથવા તો 'વિશ્વ મધુપ્રમેહ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર (C)

4. વર્ષ 2021 થી 2023 સુધીની 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની થીમ શું છે ?

(A) Covid-19 and Diabetes (B) The Doctor and Diabetes

(C) Access to Diabetes (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (C)

5. ICC T-20 મેન્સ વર્લ્ડ કપ 2022નું આયોજન કયા દેશમાં થયું હતું ?

(A) યુ.એ.ઈ (B) ઓસ્ટ્રેલિયા (C) બાંગ્લાદેશ (D) ઈંગ્લેન્ડ (B)

6. ICC T-20 મેન્સ વર્લ્ડ કપ 2022માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) ન્યૂઝિલેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) ઈંગ્લેન્ડ (D) પાકિસ્તાન (C)

7. ICC T-20 મેન્સ વર્લ્ડ કપ 2022માં કઈ ટીમ રનર્સ અપ રહી છે ?

(A) પાકિસ્તાન (B) ઓસ્ટ્રેલિયા (C) ભારત (D) ન્યૂઝિલેન્ડ (A)

8. ICC T-20 મેન્સ વર્લ્ડ કપ 2022માં 'પ્લેયર ઓફ ધ સિરીઝ' કોણ બન્યુ છે ?

(A) શ્રી સેમ કુરન (B) શ્રી જોસ બટલર

(C) શ્રી શાહીન આફ્રિદી (D) શ્રી શાદાબ ખાન (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. કયા વર્ષે સૌપ્રથમ ICC T-20 મેન્સ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) 2006 (B) 2007 (C) 2008 (D) 2009 (B)

10. વર્ષ 2007માં કયા દેશે સૌપ્રથમ ICC-T-20 મેન્સ વર્લ્ડ કપ જીત્યો હતો ?

(A) ઈંગ્લેન્ડ (B) વેસ્ટ ઈન્ડિઝ (C) પાકિસ્તાન (D) ભારત (D)

11. ICC વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'International Cricket Council' છે.

2. તેની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.

3. તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.

4. તેનું ધ્યેય વાક્ય 'Cricket For Good' છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 (D)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરમાં 'QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ્સ 2023' પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે 'Quacquarelli Symonds (QS) દ્વારા વાર્ષિક ધોરણે બહાર પાડવામાં આવે છે.

2. વર્ષ 2023ના આ રેન્કિંગ્સમાં ટોચની પર્ફોમર તરીકે ચીનની પેકિંગ યુનિવર્સિટી છે.

3. આ રેન્કિંગ્સમાં ભારતની IIT બોમ્બે 40મા ક્રમે છે.

4. આ રેન્કિંગ્સમાં IIM અમદાવાદ 43મા ક્રમે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) ફક્ત 2 અને 3 (B)

## દિવસ મહિમા : 15 નવેમ્બર, જનજાતિય ગૌરવ દિવસ અથવા આદિવાસી ગૌરવ દિવસ

ભારતમાં 15 નવેમ્બરના રોજ 'આદિવાસી ગૌરવ દિવસ' અથવા 'જનજાતિય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 10 નવેમ્બર, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે 15 નવેમ્બરને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- આ દિવસને ભારતની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થયાની યાદમાં જાહેર કરવામાં આવ્યો હતો.
- 15 નવેમ્બર એ શ્રી બિરસામુંડાની જન્મજયંતિ પણ છે, જેને સમગ્ર ભારતમાં આદિવાસી સમુદાયો દ્વારા ભગવાન તરીકે પૂજવામાં આવે છે.
- આથી, 15 નવેમ્બરને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓનું સ્મરણ કરશે.
- આદિવાસીઓના સાંસ્કૃતિક વારસાની જાળવણી અને રાષ્ટ્રીય ગૌરવ, શૌર્ય અને અતિથ્યના ભારતીય મૂલ્યોને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને માન્યતા આપવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### શ્રી બિરસા મુંડા વિશે



ભારતીય સ્વાતંત્ર્ય સેનાની શ્રી બિરસા મુંડાનો જન્મ 15 નવેમ્બર, 1875ના રોજ ઝારખંડના ખુટી જિલ્લાના ઉલિહાટુ ગામમાં થયો હતો.

- શ્રી બિરસા મુંડા માનતા હતા કે ભગવાન દ્વારા લોકોના કલ્યાણ માટે અને તેમના દુ:ખ દૂર કરવા માટે મોકલવામાં આવ્યા છે. તેથી તેઓ પોતાને ભગવાન માનતા હતા.
- તેમને 'ધરતી અબ્બા' (Dharti Abba) અથવા 'વિશ્વના પિતા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્ષ 1899-1900માં તેમની આગેવાની હેઠળનો મુંડા બળવો એ છોટા નાગપુર (ઝારખંડ) પ્રદેશમાં સૌથી વધુ ચર્ચિત બળવો હતો. તેને 'મુંડા ઉલગુલાન' (બળવો) પણ કહેવામાં આવે છે.
- આ બળવો મુંડા જનજાતિની પરંપરાગત પ્રણાલીમાંથી ખુંટકટીની જમીનદારી પ્રણાલીમાં પરિવર્તનના કારણે શરૂ થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ઈન્ડિયન બાયોલોજિકલ ડેટા સેન્ટર (IBDC)



તાજેતરમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી રાજ્ય મંત્રી શ્રી જિતેન્દ્ર સિંહે તાજેતરમાં 'ભારતીય જૈવિક ડેટા કેન્દ્ર' (IBDC) દેશને સમર્પિત કર્યુ છે.

- ભારતીય જૈવિક ડેટા બેંકને 'ઈન્ડિયન બાયોલોજિકલ ડેટા સેન્ટર' (IBDC) તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ભારતીય જૈવિક ડેટા કેન્દ્ર (IBDC)

તેની સ્થાપના હરિયાણાના ફરીદાબાદમાં પ્રાદેશિક કેન્દ્ર ફોર બાયોટેક્નોલોજી (RCB) ખાતે કરવામાં આવી હતી.

- IBDC એ ભારતમાં જીવન વિજ્ઞાન ડેટા માટેનું પ્રથમ રાષ્ટ્રીય ભંડાર છે.
- તે દેશમાં સાર્વજનિક રીતે ભંડોળ પૂરું પાડવામાં આવેલ સંશોધનમાંથી જનરેટ થયેલ તમામ જીવન વિજ્ઞાન ડેટાને સંગ્રહિત કરશે.
- ભારતમાં સાર્વજનિક રૂપે ભંડોળ પૂરું પાડવામાં આવેલ સંશોધનમાંથી જનરેટ થયેલ તમામ જીવન વિજ્ઞાન ડેટા IBDCમાં સંગ્રહિત કરવાનું ફરજિયાત છે.
- આ ડેટા સેન્ટર 'ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજી' (DBT)ની સહાયથી સંચાલિત થશે.
- તેની પાસે ભુવનેશ્વરમાં નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) ખાતે 'ડિઝાસ્ટર રિકવરી' છે.
- તેની કિંમત લગભગ 85 કરોડ રૂપિયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મુખ્ય વિશેષતાઓ

- આ ડિજિટાઈઝ્ડ ડેટા 'બ્રહ્મા' નામના ચાર–પેટાબાઈટ સુપર કમ્પ્યૂટરમાં સંગ્રહિત કરવામાં આવશે.
- IBDCના વિવિધ વિભાગો વિવિધ પ્રકારના ડેટા સેટને હેન્ડલ કરે છે.
- IBDC પાસે NICમાં બેકઅપ ડેટા 'ડિઝાસ્ટર રિકવરી' સાઈટ છે.
- આ ઉપરાંત IBDC જીવન વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં જ્ઞાનની શોધને સરળ બનાવવા માટે ઉચ્ચ ક્યૂરેકડેટા સેટ પણ વિકસાવશે.
- તે જૈવિક ડેટા વિશ્લેષણ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કુશળતા પણ પ્રદાન કરશે.

- તે સંશોધકોને ઝૂનોટિક રોગોનો અભ્યાસ કરવામાં પણ મદદ કરશે.
- જોકે ડેટાબેઝ હાલમાં માત્ર જિનોમિક સિક્વન્સ સ્વીકારે છે, પછીથી પ્રોટીન સિક્વન્સની નકલો અને અલ્ટ્રા સાઉન્ડ તથા મેગ્નેટિક રેઝોન્સની ઈમેજિંગ (MRI) જેવા ઈમેજિંગ ડેટાને સ્ટોર કરવા માટે વિસ્તૃત થવાની સંભાવના છે.

## ઉદ્દેશ

(a) દેશમાં જૈવિક ડેટાના સતત સંગ્રહ માટે IT પ્લેટફોર્મ પ્રદાન કરવું.

(b) FAIR (ફાઈન્ડેબલ, એક્સેસેબલ, ઈન્ટરઓપરેબલ અને રિયુઝેબલ) સિદ્ધાંત મુજબ ડેટા સ્ટોર કરવા અને શેર કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)નો વિકાસ.

(c) ગુણવતા નિયંત્રણ, ડેટાનું ક્યુરેશન/એનોટેશન, ડેટા બેકઅપ અને જીવન ચક્રનું સંચાલન.

(d) ડેટા શેરિંગ/પુનઃપ્રાપ્તિ માટે વેબ–આધારિત ટૂલ્સ/એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ (API)નો વિકાસ .

(e) બિગ ડેટા વિશ્લેષણ અને ડેટા શેરિંગના ફાયદાઓ પર તાલીમ કાર્યક્રમોનું સંગઠન.

## ડેટાની એક્સેસ

IBDCમાં મુખ્યત્વે બે પ્રકારના ડેટા એક્સેસ હશે :

**(1) ઓપન એક્સેસ/સમય પ્રકાશન એક્સેસ :**

– IBDCમાં જમા કરવામાં આવેલ ડેટા આંતરરાષ્ટ્રીય ઓપન–એક્સેસ ધોરણો અનુસાર વિશ્વભરમાં મુક્તપણે ઉપલબ્ધ હશે.

– જોકે પ્રસ્તુતકર્તા ચોક્કસ સમયગાળા માટે ડેટા એક્સેસને પ્રતિબંધ કરવાનું પસંદ કરી શકે છે.

**(2) પ્રતિબંધિત એક્સેસ :**

– ડેટાને મુક્તપણે એક્સેસિબલ બનાવવામાં આવશે નહીં.

– તે ફક્ત મૂળ ડેટા સબમિટ કરનાર પાસેથી IBDC દ્વારા પૂર્વ પરવાનગી દ્વારા જ એક્સેસ કરી શકાય છે.

## મહત્વ

- આનાથી અમેરિકન અને યુરોપિયન ડેટા બેંકો પર ભારતીય સંશોધકોની નિર્ભરતા ઘટશે.
- તે માત્ર સંશોધકોને દેશની અંદર તેમના ડેટાને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવા માટે એક પ્લેટફોર્મ પ્રદાન કરશે નહીં, પરંતુ વિશ્લેષણ માટે સ્વદેશી સિક્વન્સના વિશાળ ડેટાબેઝની એક્સેસ પણ પ્રદાન કરશે.

**નોંધ :** એક પેટાબાઈટ 10,00,000 ગીગાબાઈટ (GB) બરાબર છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'જન જાતિય ગૌરવ દિવસ' અથવા 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 15 નવેમ્બર (B) 16 નવેમ્બર (C) 17 નવેમ્બર (D) 18 નવેમ્બર (A)

2. 15 નવેમ્બર કયા સ્વાતંત્ર્ય સેનાનીની જન્મ જયંતિ છે. જેની યાદમાં 'આદિવાસી ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) શ્રી અલ્લુરી સીતા રામન (B) શહીદ વીર નારાયણ સિંહ

(C) શ્રી બિરસા મુંડા (D) શ્રી કાન્હુ મુર્મુ (C)

3. તાજેતરમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી રાજ્યમંત્રી શ્રી જિતેન્દ્રસિંહે 'ભારતીય જૈવિક ડેટા કેન્દ્ર' (IBDC) દેશને સમર્પિત કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભારતીય જૈવિક ડેટા બેંકને 'ઈન્ડિયન બાયોલોજિકલ ડેટા સેન્ટર' (IBDC) તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. તેની સ્થાપના હરિયાણાના ફરીદાબાદમાં પ્રાદેશિક કેન્દ્ર ફોર બાયોટેક્નોલોજી (RCB) ખાતે કરવામાં આવી હતી.
3. IBDC એ ભારતમાં જીવન વિજ્ઞાન ડેટા માટેનું પ્રથમ રાષ્ટ્રીય ભંડાર છે.
4. તે દેશમાં સાર્વજનિક રીતે ભંડોળ પૂરું પાડવામાં આવેલ સંશોધનમાંથી જનરેટ થયેલ તમામ જીવન વિજ્ઞાન ડેટાને સંગ્રહિત કરશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1, 2, 3 અને 4 (D)

4. તાજેતરમાં 'ભારતીય જૈવિક ડેટા કેન્દ્ર' (IBDC) દેશને સમર્પિત કર્યુ છે. જેમ ડિજિટાઈઝ્ડ ડેટા ______ નામના ચાર–પેટાબાઈટ સુપર કમ્પ્યૂટરમાં સંગ્રહિત કરવામાં આવશે.

(A) બ્રહ્મા (B) ગંગા (C) પરમ (D) આકાશ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 16 નવેમ્બર,**

(1) રાષ્ટ્રીય પ્રેસ દિવસ અથવા રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ (National Press Day)

(2) આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ (International Day for Tolerance)

(3) ઓડિટ દિવસ

## રાષ્ટ્રીય પ્રેસ દિવસ




ભારતમાં 16 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં અખબારો અને સમાચાર એજન્સીઓના ધોરણોને જાળવવા અને સુધારીને પ્રેસની સ્વતંત્રતા જાળવવાના બે ઉદ્દેશ્ય સાથે 'પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એક્ટ, 1965' હેઠળ 16 નવેમ્બર, 1966ના રોજ 'પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' (PCI)ની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની યાદમાં 16 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 1954માં રચાયેલ પ્રથમ પ્રેસ કમિશને ભારતમાં પત્રકારત્વની નીતિમતા અને પ્રેસની સ્વતંત્રતાના રક્ષણની વાત કરી હતી.
- તેના લગભગ 10 વર્ષ પછી પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI)ની રચના થઈ હતી.
- પ્રેસ કાઉન્સિલ એક્ટ, 1978 સંસદના અધિનિયમ હેઠળ, અર્ધ–ન્યાયિક સ્વાયત્ત સત્તા તરીકે વર્ષ 1979માં તેની પુનઃસ્થાપના કરવામાં આવી હતી.
- પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એકમાત્ર એવી સંસ્થા છે જે પ્રેસની સ્વતંત્રતાના રક્ષણની તેની ફરજમાં, રાજ્યના સાધનો પર પણ સત્તાનો ઉપયોગ કરે છે.
- કાઉન્સિલ એક કોર્પોરેટ બોડી છે જેમાં ચેરમેન અને 28 સભ્યો હોય છે, તેમાં અધ્યક્ષની પસંદગી લોકસભાના અધ્યક્ષ, રાજ્યસભાના અધ્યક્ષ અને પરિષદના 28 સભ્યો દ્વારા કરવામાં આવે છે.

## ઓડિટ દિવસ

ભારતમાં 16 નવેમ્બરના રોજ બીજા 'ઓડિટ દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- 16 નવેમ્બર, 2021ના રોજ પ્રથમ વખત 'ઓડિટ દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE

- ઓડિટ દિવસ ભારતના CAGની ઐતિહાસિક ઉત્પતિને એક સંસ્થા તરીકે અને વર્ષોથી તેના શાસન પારદર્શિતા અને જવાબદારીમાં તેમને ચિહ્નિત કરવા માટે ઉજવવામાં આવે છે.
- CAGનું પૂરું નામ 'Comptroller and Auditor General of India' છે.
- ભારતીય બંધારણના ભાગ-5 અંતર્ગત અનુચ્છેદ-148માં ભારતના CAGની જોગવાઈ કરવામાં આવી છે. જેને ટૂંકમાં 'મહાલેખા પરીક્ષક' પણ કહેવામાં આવે છે.

## ભારતનો પ્રથમ મલ્ટી-મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP) ચેન્નાઈમાં બાંધવામાં આવશે.



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) તમિલનાડુમાં ચેન્નાઈ નજીક ભારતનો પ્રથમ મલ્ટી–મોડલ લોજિસ્ટિક્સ પાર્ક (MMLP) વિકસાવવા જઈ રહી છે.

- કેન્દ્રીય માર્ગ અને પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MORTH)એ RILને ચેન્નાઈ નજીક ભારતનો પ્રથમ મલ્ટી–મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP) સ્થાપવાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો.
- 1,424 કરોડનો આ પ્રોજેક્ટ પીએમ ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન હેઠળ અમલમાં મૂકવામાં આવશે.
- આ પ્રોજેક્ટ માટે મોડલ કન્સેશન એગ્રીમેન્ટ ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (DBFOT) મોડલ પર છે.
- આ પ્રોજેક્ટ માટે કુલ કન્સેશન પીરિયડ 45 વર્ષ છે.
- MMLP રૂ.783 કરોડના અંદાજિત વિકાસકર્તા રોકાણ સાથે 3 તબક્કામાં વિકસાવવામાં આવશે.
- પ્રથમ તબક્કો 2025 સુધીમાં પૂર્ણ થશે.

### ભારતની પ્રથમ MMLP ક્યાં આવેલી છે ?

ભારતનો પ્રથમ મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્ક ચેન્નાઈ નજીક તિરુવલ્લુર જિલ્લાના મેપેડુ ગામમાં સ્થાપિત કરવામાં આવી રહ્યો છે.

- આ પ્રોજેક્ટ રાનીપેટ, અંબુર, તિરુપુર અને બેંગ્લુરુના સેકન્ડરી માર્કેટ ક્લસ્ટરોને પણ સેવા આપશે જે ચામડા, ભારે મશિનરોના ભાગો, ઓટો મોબાઈલ, સિમેન્ટ, ખાંડ અને રાસાયણિક ઉદ્યોગોનું ઉત્પાદન કરે છે.

- તે ચેન્નાઈ બંદરથી લગભગ 52 કિ.મી., એન્નોર બંદરથી 80 કિ.મી. અને કટ્ટુપલ્લી એરપોર્ટથી 87 કિ.મી. દૂર છે.
- તે ચેન્નાઈ પેરિફેરલ રિંગ રોડ (CPRR)ની નજીક આવેલું છે, જે ચેન્નાઈ એરપોર્ટ અને ચેન્નાઈમાં કામરાજર અને કટ્ટુપલ્લી બંદરોને જોડે છે.
- આ પાર્ક ભારતના દક્ષિણ વિસ્તારમાં લોજિસ્ટિકના કેન્દ્ર બિન્દુ તરીકે કામ કરશે.

### શા માટે ભારતને MMLPની જરૂર છે ?

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MORTH) 35 MMLP વિકસાવી રહ્યું છે.

- જેમાંથી 15ને આગામી 3 વર્ષ માટે પ્રાથમિકતા આપવામાં આવી છે.
- MMLP સમગ્ર ભારતમાં વધુ સારી મલ્ટિ–મોડલ કનેક્ટિવિટી અને લાસ્ટ–માઈલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે.
- તે કાર્યક્ષમ, ખર્ચ–અસરકારક અને મૂલ્ય–વર્ધિત લોજિસ્ટિક સેવાઓ જેવી કે કાર્ગો એકત્રીકરણ અને વિભાજન, વિતરણ, આંતર–મોડલ ટ્રાન્સફર, સોર્ટિંગ, પેકિંગ, રિપેકિંગ અને અન્ય સુવિધા આપશે.
- લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો ભારતીય અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે.
- હાલમાં GDPની ટકાવારી તરીકે ભારતનો લોજિસ્ટિક ખર્ચ 16% છે.
- અમેરિકા અને યુરોપિયન દેશો જેવા વિકસિત દેશોમાં તે લગભગ 8 ટકા છે. ચીનમાં તે 10 ટકા છે.
- ભારત સરકાર હાલમાં લોજિસ્ટિક ખર્ચને GDPના 10 ટકા સુધી ઘટાડવાનું લક્ષ્ય ધરાવે છે.

## Global Carbon Budget 2022 રિપોર્ટ

ગ્લોબલ કાર્બન બજેટ 2022 રિપોર્ટ 11 નવેમ્બર, 2022ના રોજ બહાર પાડવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટ ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

ગ્લોબલ કાર્બન ઉત્સર્જન 2022માં વાતાવરણમાં 40.6 અબજ ટન કાર્બન ડાયોક્સાઈડ સુધી પહોંચવાની અપેક્ષા છે.

- આ અંદાજ 2019માં ઉત્સર્જિત કરાયેલા 40.9 બિલિયન ટન $CO_2$ના અત્યાર સુધીના સૌથી વધુ વાર્ષિક કુલ 40.9 બિલિયન ટનની નજીક છે.
- જો વર્તમાન ઉત્સર્જન સ્તર ચાલુ રહે છે, તો આગામી 9 વર્ષોમાં 1.5°Cનું તાપમાન વધી શકે છે.

- વિશ્વભરમાં દુષ્કાળ, જંગલની આગ અને પૂરના રેકોર્ડ સ્તરે પૃથ્વીના વૈશ્વિક સપાટીના તાપમાનમાં પૂર્વ–ઔદ્યોગિક સ્તરની સરેરાશ સરખામણીમાં લગભગ 1.1 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે.
- 2021માં વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં ચીન (31 ટકા), યુએસ (14 ટકા) અને યુરોપિયન યુનિયન (8 ટકા) મુખ્ય ફાળો આપનાર છે.
- વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં ભારતનો હિસ્સો 7 ટકા છે.
- રિપોર્ટમાં ચીન (0.9 ટકા) અને યુરોપિયન યુનિયન (0.8 ટકા) માટે 2022માં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થવાની પણ આગાહી કરવામાં આવી છે. જોકે અમેરિકામાં 1.5 ટકા અને ભારતમાં 6 ટકાનો વધારો થશે.
- ગયા વર્ષની સરખામણીએ ભારતમાં 2022માં વિશ્વ કાર્બન ઉત્સર્જનમાં સૌથી વધુ વધારો થવાની ધારણા છે.
- યુએસ કાર્બન ઉત્સર્જનમાં બીજા ક્રમનો સૌથી મોટો વધારાનો રેકોર્ડ કરવાનો અંદાજ છે.



1. ભારતમાં 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર (C)

2. 'આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર (C)

3. ભારતમાં કયા દિવસે 'ઓડિટ દિવસ'નું આયોજન કરવામાં આવે છે ?

(A) 16 નવેમ્બર (B) 17 નવેમ્બર (C) 18 નવેમ્બર (D) 19 નવેમ્બર (A)

4. તાજેતરમાં કેન્દ્રીય માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડ (RIL)ને કયા સ્થળે ભારતનો પ્રથમ 'મલ્ટી–મોડલ લોજિસ્ટિક પાર્ક' (MMLP) સ્થાપવાનો કોન્ટ્રાક્ટ આપ્યો છે ?

(A) ચેન્નાઈ નજીક, તમિલનાડુ (B) ભોપાલ નજીક, મધ્યપ્રદેશ

(C) પૂણે નજીક, મહારાષ્ટ્ર (D) કોચી નજીક, કેરળ (A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં 'ગ્લોબલ કાર્બન બજેટ 2022 રિપોર્ટ' બહાર પાડવામાં આવ્યો છે. આ રિપોર્ટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક કાર્બન ઉત્સર્જન 2022માં 40.6 અબજ ટન કાર્બન ડાયોક્સાઈડ સુધી પહોંચવાની અપેક્ષા છે.

(B) જો વર્તમાન ઉત્સર્જન સ્તર ચાલુ રહે તો આગામી 3 વર્ષમાં 2.5°C તાપમાન વધી શકે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (A)

## ઈન્ડોનેશિયાના બાલીમાં 17મી G20 Summit 2022 યોજાય




તાજેતરમાં ઈન્ડોનેશિયાના બાલીમાં 16 અને 17 નવેમ્બર 2022 દરમિયાન ઈન્ડોનેશિયાની અધ્યક્ષતામાં 17મી G-20 સમિટનું આયોજન થયું હતું.

- આ બેઠક બાલીમાં નુસા દુઆમાં વિસ્તારમાં યોજાઈ હતી.
- ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ શ્રી જોકો વિડેડોએ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને G-20ની અધ્યક્ષતા સોંપી હતી.
- આગામી G-20ની 18મી સમીટ વર્ષ 2023માં ભારતમાં યોજાશે.

### G-20 સમિટ 2022ની થીમ

G-20ની 17મી વાર્ષિક સમિટનું આયોજન 'Recover Together, Recover Stronger' થીમ હેઠળ કરવામાં આવ્યું હતું.

### બેઠકના મુખ્ય મુદ્દાઓ

સભ્ય દેશોએ યુક્રેનમાં રશિયાની આક્રમણની 'સખત શબ્દો'માં નિંદા કરતી ઘોષણા સ્વીકારી અને તેને બિનશરતી પાછી ખેંચવાની હાકલ કરી છે.

- તેમણે એ પણ સ્વીકાર્યું કે જ્યારે મોટા ભાગના સભ્યોએ યુક્રેનમાં યુદ્ધની નિંદા કરી હતી, "ત્યાં વિવિધ મંતવ્યો અને પરિસ્થિતિ અને પ્રતિબંધોના જુદા–જુદા મૂલ્યાંકન હતા."
- G-20 અર્થતંત્રો વ્યાજદરમાં વધારાની સાવચેતી ભરી ગતિ પર સંમત થયા હતા અને તેમની જાહેરાતમાં ચલણની દષ્ટિએ 'વધેલી અસ્થિરતા' વિશે ચેતવણી આપી હતી. જે કોવિડ-19 મહામારીમાંથી પુનઃપ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- G-20 નેતાઓએ ખાદ્ય સુરક્ષાના પડકારોને સંબોધવા માટે સંકલિત પગલા લેવાનું વચન આપ્યું હતું અને બ્લેક સી ગ્રેઈન ઈનિશિયેટિવની પ્રશંસા કરી હતી.
- G-20 નેતાઓ વૈશ્વિક તાપમાનના વધારાને 5°C સુધી મર્યાદિત કરવાના પ્રયાસો વધારવા સંમત થયા હતા, અને પુનઃપુષ્ટિ કરી હતી કે તેઓ 2015ના પેરિસ એગ્રીમેન્ટ ઓન ક્લાઈમેન્ટ ચેન્જના તાપમાનના લક્ષ્યોને અનુસરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ સુધી પહોંચવામાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને મહત્વ આપ્યું હતું.
- આ ઉપરાંત બેઠકમાં સ્વસ્થ અને ટકાઉ પુનઃપ્રાપ્તિને પ્રોત્સાહન આપવા માટે તેમની સતત પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, જે સાર્વત્રિક આરોગ્ય કવરેજ હાંસલ કરવા અને જાળવવા તરફ એક મહત્વપૂર્ણ પગલુ છે.

## ભારત તરફથી G20ના નેતાઓને આપેલી ભેટ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ G20 સમિટ દરમિયાન વિશ્વના નેતાઓને ભેટ આપી હતી જે ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાગત હસ્તકલાની વિવિધતાને પ્રતિબિંબિત કરે છે.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેનને 'કાંગડાનું લઘુચિત્ર પેઈન્ટિંગ' (હિમાચલ પ્રદેશ)ની ભેટ આપી હતી.
- યુકેના વડાપ્રધાન શ્રી ઋષિ સુનકને 'માતાની પછેડી' (ગુજરાત) ભેટમાં આપી હતી.
- ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને પાટણના પટોળાનો સ્કાર્ફ અર્પણ કર્યો હતો.
- ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્થોની અલ્બેનીઝને છોટા ઉદેપુરના રાઠવા કારિગરો દ્વારા બનાવામાં આવેલ 'પિથોરા વોલ–પેઈન્ટિંગ' ભેટમાં આપ્યું હતું.
- સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝને હિમાચલના મંડી અને કુલ્લુ જિલ્લામાંથી કનાલ પિત્તળનો સેટ ભેટમાં આપવામાં આવ્યો હતો.
- ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડોને કિન્નૌરી શાલ (હિમાચલ પ્રદેશ) અર્પણ કરવામાં આવી હતી.
- ફ્રાન્સ, જર્મની અને સિંગાપોરના અગ્રણીઓને કચ્છનું 'એગેટ બાઉલ' ભેટ આપ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## G-20 Summitનું આયોજન

| ક્રમ | તારીખ- વર્ષ | યજમાન દેશ | યજમાન શહેર |
|---|---|---|---|
| 1st | 14-15 નવેમ્બર, 2008 | અમેરિકા | વોશિંગ્ટન ડી.સી |
| 2nd | 2 એપ્રિલ, 2009 | યુનાઈટેડ કિંગડમ | લંડન |
| 14th | 28-29 જૂન, 2019 | જાપાન | ઓસાકા |
| 15th | 21-22 નવેમ્બર, 2020 | સાઉદી અરેબિયા | રિયાધ |
| 16th | 30-31 ઓક્ટોબર, 2021 | ઈટાલી | રોમ |
| 17th | 15-16 નવેમ્બર, 2022 | ઈન્ડોનેશિયા | બાલી |
| 18th | 2023 | ભારત | નવી દિલ્હી |

**નોંધ :** (1) વર્ષ 2018માં આર્જેન્ટિનામાં યોજાયેલી 13મી G-20ના સમાપન પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022ની G-20 સમિટ ભારતમાં યોજવાની જાહેરાત કરી હતી.

(2) ત્યારબાદ વર્ષ 2020માં નક્કી કર્યું હતું કે ભારત 2022ને બદલે 2023ની G-20 સમિટનું આયોજન કરશે.

## G-20

G-20ને 'Group of Twenty'તરીકે પણ ઓળખવામાં આવે છે.

- G-20 ભારત સહિત વિશ્વના 19 શક્તિશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે.
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ચીન સિવાય ભારતનો એકપણ પાડોશી દેશ G-20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા, વિશ્વ વ્યાપારમાં 75 થી 80 ટકા, વિશ્વની કુલ વસતીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G-20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.

## વિશ્વની વસતી 8 અબજ

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) અનુસાર વિશ્વભરમાં માનવ વસતી 8 અબજ સુધી પહોંચી ગઈ છે.

- 2022 સુધીમાં વિશ્વની અડધાથી વધુ વસતી એશિયામાં રહે છે.
- જેમાં ચીન અને ભારત સૌથી વધુ વસતી ધરાવતા દેશ છે.
- નવેમ્બર 2022ની સ્થિતિએ ચીનની વસતી 1.44 અબજ અને ભારતની વસતી 1.39 અબજ છે.

## વસતી વૃદ્ધિ વલણ

### એકંદર વસતી વૃદ્ધિ દરમાં ઘટાડો

યુનાઈટેડ નેશન્સ અનુસાર વૈશ્વિક વસતી 7 અબજથી વધીને 8 અબજ થવામાં 12 વર્ષ લાગ્યા અને વર્ષ 2037 સુધીમાં 9 અબજ સુધી પહોંચવામાં લગભગ 15 વર્ષ લાગશે.

- આ સૂચવે છે કે વસતીનો એકંદર વિકાસ દર ધીમો પડી રહ્યો છે.
- યુ.એન.નો વસતી અહેવાલ જણાવે છે કે વૈશ્વિક વસતી 1950 પછી સૌથી ધીમી ગતિએ વધી રહી છે, જે 2020માં 1 ટકાથી પણ ઓછી થઈ ગઈ છે.
- વિશ્વની વસતી વર્ષ 2030માં લગભગ 8.5 અબજ અને વર્ષ 2050માં 9.7 અબજ સુધી પહોંચી શકે છે.
- વર્ષ 2080 સુધીમાં તે લગભગ 10.4 અબજની ટોચે પહોંચવાનો અને વર્ષ 2100 સુધી તે જ સ્તરે રહેવાનો અંદાજ છે.
- યુનાઈટેડ નેશન્સ અનુસાર વૈશ્વિક વસતીના 60% લોકો એવા વિસ્તારોમાં રહે છે જ્યાં પ્રજનન દર રિપ્લેસમેન્ટ લેવલથી નીચે છે.
- 1990માં 40% એવા વિસ્તારોમાં રહેતા હતા જ્યાં પ્રજનન દર રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ગરીબ દેશોમાં પ્રજનન ક્ષમતા સ્તર

સૌથી વધુ પ્રજનન ક્ષમતા ધરાવતા દેશોમાં માથાદીઠ આવક સૌથી ઓછી હોય છે.

- વર્ષ 2050 સુધીમાં વૈશ્વિક વસતીમાં અંદાજિત વૃદ્ધિના અડધાથી વધુ આ આઠ દેશોમાં કેન્દ્રિત થશે :

> 1. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, 2. ઈજિપ્ત, 3. ઈથોપિયા, 4. ભારત, 5. નાઈજીરીયા, 6. પાકિસ્તાન, 7. ફિલિપાઈન્સ, 8. યુનાઈટેડ રિપબ્લિક ઓફ તાંઝાનિયા

- સબ–સહારન આફ્રિકાના દેશો 2050 સુધીમાં અંદાજિત વૃદ્ધિના અડધાથી વધુ હિસ્સો ધરાવે તેવી અપેક્ષા છે.

### આંતરરાષ્ટ્રીય સ્થળાંતર

આંતરરાષ્ટ્રીય સ્થળાંતર હવે ઘણા દેશોમાં વૃદ્ધિનું પ્રેરક છે, જેમ કે વર્ષ 2020માં 281 મિલિયન લોકો તેમના જન્મના દેશની બહાર રહેતા હતા.

- ભારત, પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા સહિતના દક્ષિણ એશિયાના દેશોમાં તાજેતરના વર્ષોમાં ઉચ્ચ સ્તરે સ્થળાંતર જોવા મળ્યુ છે.

## ભારતની વસતીના સંદર્ભમાં

યુનાઈટેડ નેશન્સ અનુસાર ભારતનો પ્રજનન દર સ્ત્રી દીઠ 2.1 જન્મે પહોંચ્યો છે, એટલે કે રિપ્લેસમેન્ટ સ્તરે પ્રજનન ક્ષમતા વધુ ઘટી શકે છે.

- ભારતની વસતી વૃદ્ધિ સ્થિર હોવા છતાં હજુ પણ વાર્ષિક 0.7%ના દરે વધી રહી છે અને 2023માં વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતા દેશ ચીનને વટાવી જવાની ધારણા છે.
- યુનાઈટેડ નેશન્સ અનુસાર ચીનની વસતી હવે વધી રહી નથી અને 2023ની શરૂઆતમાં તે ઘટી શકે છે.
- વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ 2022એ ચીનની 1.426 અબજની વસતીની સરખામણીમાં વર્ષ 2022માં ભારતની વસતી 1.412 અબજ થવાનો અંદાજ મૂક્યો છે.
- ભારતની વસતી 2048 સુધીમાં 1.7 અબજ ટોચે પહોંચવાની અને પછી સદીના અંત સુધીમાં ઘટીને 1.1 અબજ થવાની ધારણા છે.
- UNEP મુજબ વર્ષ 2022માં ભારતની 68% વસતી 15-64 વર્ષની વચ્ચે છે, જ્યારે 7% વસતી 65 વર્ષ અને તેથી વધુ વયની છે.
- ભારતમાં 27% થી વધુ લોકો 15-29 વર્ષની વય જૂથના છે.
- 253 મિલિયન સાથે ભારત વિશ્વમાં સૌથી વધુ કિશોરોની વસતી (10-19 વર્ષ) ધરાવે છે.
- ભારતમાં હાલ કિશોરો અને યુવાનોની સંખ્યા સૌથી વધુ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## UNFPA

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) એ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીનું અંગ છે, જે તેની જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય એજન્સી તરીકે સેવા આપે છે.

- UNFPAનો આદેશ યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (ECOSOC) દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો છે.
- તેની સ્થાપના વર્ષ 1967માં ટ્રસ્ટ ફંડ તરીકે કરવામાં આવી હતી અને 1969માં તેની કામગીરી શરૂ કરી હતી.
- 1987માં તેનું સત્તાવાર રીતે નામ બદલીને યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ રાખવામાં આવ્યુ છે.
- પરંતુ તેને ટૂંકમાં UNFPA (યુનાઈટેડ નેશન્સ ફંડ ફોર પોપ્યુલેશન એક્ટિવિટીઝ) તરીકે જાળવી રાખ્યુ છે.
- UNFPA યુનાઈટેડ નેશન્સ બજેટ દ્વારા સમર્થિત નથી, તેના બદલે તે સંપૂર્ણ રીતે દાતા સરકારો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, ખાનગી ક્ષેત્ર અને સામાન્ય લોકોના સ્વૈચ્છિક યોગદાન દ્વારા સમર્થિત છે.

**1.** વર્ષ 2022માં કયા દેશમાં G-20 સમિટનું આયોજન થયું હતું ?

(A) તૂર્કી (B) કેનેડા (C) ઈન્ડોનેશિયા (D) ઈટાલી **(C)**

**2.** તાજેતરમાં ઈન્ડોનેશિયાના બાલી ખાતે કેટલામી G-20 સમિટ (2022)નું આયોજન થયું હતું ?

(A) 16મી (B) 17મી (C) 18મી (D) 19મી **(B)**

**3.** આગામી G20ની 18મી સમિટ વર્ષ 2023માં કયા દેશમાં યોજાશે ?

(A) ભારત (B) ચીન (C) જર્મની (D) દ.આફ્રિકા **(A)**

**4.** G-20 સમૂહના સભ્ય દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?

(A) તૂર્કી (B) કેનેડા (C) દક્ષિણ કોરિયા (D) શ્રીલંકા **(D)**

**5.** G-20 સમૂહની સ્થાપના ક્યારે થઈ હતી ?

(A) 26 સપ્ટેમ્બર, 1999 (B) 26 સપ્ટેમ્બર, 2001

(C) 26 સપ્ટેમ્બર, 2003 (D) 26 સપ્ટેમ્બર, 2007 **(A)**

**6.** યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNPFA) અનુસાર વિશ્વભરમાં માનવ વસતી નવેમ્બર, 2022 સુધીમાં કેટલા અબજ સુધી પહોંચી ગઈ છે ?

(A) 6 અબજ (B) 7 અબજ (C) 8 અબજ (D) 9 અબજ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Climate Change Performance Index - 2023



તાજેતરમાં ક્લાઈમેન્ટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ 2023 જર્મનવોચ, ન્યૂક્લાઈમેટ ઈન્સ્ટિટ્યૂટ અને ક્લાઈમેટ એક્શન નેટવર્ક દ્વારા સંયુક્ત રીતે બહાર પાડવામાં આવ્યો હતો.

- યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં દર વર્ષે ક્લાઈમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CCPI) બહાર પાડવામાં આવે છે.
- તે એક એવુ સાધન છે જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આબોહવા રાજનીતિમાં પારદર્શિતા સુનિશ્ચિત કરે છે.
- 2005થી તે દેશોની આબોહવા સંરક્ષણ કામગીરીનું પ્રમાણિત મૂલ્યાંકન પ્રદાન કરે છે. તે હાલમાં પેરિસ કરાર દ્વારા નિર્ધારિત લક્ષ્યો તરફ દેશની પ્રગતિને ટ્રેક કરે છે.
- તે 59 દેશો અને યુરોપિય યુનિયનના પર્યાવરણીય પ્રદર્શનની તુલના કરવા માટે એક માનક માળખાનો ઉપયોગ કરે છે, જે વૈશ્વિક ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનના 92 ટકા હિસ્સો ધરાવે છે.
- આ ઈન્ડેક્સ ચાર કેટેગરીમાં 14 સૂચકાંકોનો ઉપયોગ કરીને આ દેશોની આબોહવા સંરક્ષણ કામગીરીનું મૂલ્યાંકન કરે છે :

1. GHG ઉત્સર્જન
2. પુનઃપ્રાપ્ય ઊર્જા
3. ઊર્જા વપરાશ
4. આબોહવા નીતિ

- આ ઈન્ડેક્સમાં એકંદર રેન્કિંગમાં કોઈ દેશ પ્રથમ ત્રણ રેન્કમાં આવ્યો નથી.
- ડેનમાર્ક 79.61ના સ્કોર સાથે ચોથા સ્થાને તે પછી સ્વીડન (73.28 પોઈન્ટ) સાથે આવે છે.
- આ ઈન્ડેક્સમાં ભારત 67.35 પોઈન્ટના સ્કોર સાથે 8મા સ્થાને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Climate Change Performance Index-2023

| Rank | Country | Score |
|---|---|---|
| 1 | – | – |
| 2 | – | – |
| 3 | – | – |
| 4 | ડેનમાર્ક | 79.61 |
| 5 | સ્વીડન | 73.28 |
| 6 | ચિલી | 69.54 |
| 7 | મોરક્કો | 67.44 |
| 8 | ભારત | 67.35 |
| 9 | એસ્ટોનિયા | 65.14 |
| 10 | નોર્વે | 64.47 |

## આર્ટેમિસ - 1 : NASA

NASAએ 16 નવેમ્બર 2022ના રોજ તેનું માનવરહિત ચંદ્ર મિશન 'આર્ટેમિસ-1' (Artemis 1) સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું.

- સ્પેસ લોન્ચ સિસ્ટમ (SLS) રોકેટને ફ્લોરિડાના કેપ કેનાવેરલમાં કેનેડી સ્પેસ સેન્ટરથી ટેકનિકલ નિષ્ફળતા અને કુદરતી આફતોના કારણે બે મહિનાના વિલંબ પછી લોન્ચ કરવામાં આવ્યું છે.



### આર્ટેમિસ I મિશન

આર્ટેમિસ-1 નાસાનું માનવરહિત મિશન છે.

- નાસાના આર્ટેમિસ મિશનને ચંદ્ર સંશોધનની આગામી પેઢી તરીકે ઓળખવામાં આવે છે અને તેનું નામ ગ્રીક પૌરાણિક કથાઓમાંથી એપોલોની જોડિયા બહેનના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- તે એજન્સીની સ્પેસ લોન્ચ સિસ્ટમ (SLS) રોકેટ અને ઓરિયન ક્રૂ કેપ્સ્યુલનું પરીક્ષણ કરશે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

- SLS એ 1960 અને 1970ના દાયકામાં ઉપયોગમાં લેવાતા Saturn v રોકેટ પછી નાસા દ્વારા બનાવવામાં આવેલી સૌથી મોટી નવી ઊભી પ્રક્ષેપણ સિસ્ટમ છે.
- આર્ટેમિસ I આવનારા દાયકાઓમાં ચંદ્ર પર લાંબાગાળાની માનવ હાજરી માટે જટિલ મિશનની શ્રેણીમાં પ્રથમ હશે.
- આર્ટેમિસ I નો પ્રાથમિક ધ્યેય એ છે કે સ્પેસફ્લાઈટ વાતાવરણમાં ઓરિયન સિસ્ટમનું પ્રદર્શન કરવું અને આર્ટેમિસ IIની પ્રથમ ક્રૂ ફ્લાઈટ પહેલા સુરક્ષિત પુનઃપ્રવેશ અને પુનઃપ્રાપ્તિની ખાતરી કરવાનો છે.
- તે માત્ર એક ચંદ્ર ભ્રમણકક્ષા મિશન છે અને મોટાભાગના ભ્રમણકક્ષા મિશનથી વિપરીત તે પૃથ્વી પર પાછા આવવાનું લક્ષ્ય રાખે છે.
- આર્ટેમિસ I એ નવા અવકાશ યુગનું પ્રથમ પગલું છે જે મનુષ્યને નવી દુનિયામાં, અન્ય ગ્રહ પર ઉતારવા અને રહેવા સંદર્ભે અત્યંત ઉપયોગી છે.
- તે જે ક્યુબસેટ્સ વહન કરશે તે ચોક્કસ પરીક્ષણો અને પ્રયોગો માટેના સાધનોથી સજ્જ છે, જેમા પાણી અને હાઈડ્રોજનની શોધનો સમાવેશ થાય છે. જેનો ઊર્જાના સ્ત્રોત તરીકે ઉપયોગ કરી શકાય છે.
- તે બાયોલોજીના પ્રયોગો હાથ ધરશે અને ઓરિઓન પર ડમી પેસેન્જર્સ દ્વારા માનવો પર ઊંડા અવકાશના વાતાવરણની અસરોનું પરીક્ષણ કરશે.
- આ ત્રણ ડમી યાત્રીઓ માનવ હાડકા, ચામડી અને નરમ પેશિઓની નકલ કરતી સામગ્રીમાંથી બનેલા મેનેક્વિન્સ છે. જે માનવ શરીર પર ઊંડા અવકાશના વાતાવરણની વિવિધ અસરોને રેકોર્ડ કરવા માટે આ સેન્સર્સના હોસ્ટથી સજ્જ હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આગામી આર્ટેમિસ મિશન

### આર્ટેમિસ II મિશન

તેને વર્ષ 2024માં લોન્ચ કરવામાં આવશે.

- આર્ટેમિસ II પાસે ઓરિઓન પર ક્રૂ હશે તે એ પૃષ્ટિ કરશે કે જ્યારે માણસો અંતરીક્ષ યાનમાં હોય ત્યારે સ્પેસક્રાફટની તમામ સિસ્ટમ ડિઝાઈન પ્રમાણે કામ કરે છે.
- આર્ટેમિસ IIનું લોન્ચિંગ આર્ટેમિસ I જેવુ જ હશે. ચાર અવકાશયાત્રીઓનો એક ક્રૂ ઓરિયન પર સવાર હશે અને ICPS ચંદ્રની દિશામાં જતા પહેલા બે વાર પૃથ્વીની ભ્રમણકક્ષા કરશે.

### આર્ટેમિસ III મિશન

તે 2025 માટે સુનિશ્ચિત થયેલ છે અને એપેલો મિશન પછી પ્રથમ વખત અવકાશયાત્રીઓને ચંદ્ર પર લઈ જવાની અપેક્ષા રાખે છે.

# એમેઝોન વરસાદી જંગલ/એમેઝોન રેઈન ફોરેસ્ટ



વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ (WWF) દ્વારા એક નવા રિપોર્ટ 'લિવિંગ એમેઝોન રિપોર્ટ' 2022 મુજબ લગભગ 35% વરસાદી જંગલો કાં તો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે. અથવા અધોગતિ પામ્યા છે.

- ઈજિપ્તના શર્મ અલ–શેખમાં ક્લાઈમેટ ચેન્જ પર COP27માં આ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો.
- રિપોર્ટમાં એમેઝોન બાયોમ અને બેસિનની વર્તમાન સ્થિતિની રૂપરેખા આપવામાં આવી છે, મુખ્ય દબાણો અને પરિવર્તનના કારણોની સંક્ષિપ્તમાં ચર્ચા કરવામાં આવી છે. અને સંરક્ષણ વ્યૂહરચનાની રૂપરેખા આપવામાં આવી છે.

## રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

એમેઝોન રેઈન ફોરેસ્ટના વિશાળ વિસ્તારો કે જે ગ્રહના કાર્બન સિંક અને ફેફસાનું કામ કરે છે તે જોખમમાં છે.

- લગભગ 35% વરસાદી જંગલો કાં તો સંપૂર્ણપણે નાશ પામ્યા છે અથવા અત્યંત અધોગતિ પામ્યા છે, જ્યારે 18% અન્ય હેતુઓ માટે રૂપાંતરિત કરવામાં આવ્યા છે.
- એમેઝોનના જંગલોને વનનાબૂદી, આગ અને ધોવાણથી જોખમ છે.
- સપાટી પરનું પાણી ખતમ થઈ ગયુ છે અને નદીઓ સતત સુકાઈ રહી છે અને પ્રદૂષિત થઈ રહી છે.
- આ પ્રચંડ દબાણ એમેઝોન અને ગ્રહને ઉલટાવી શકાય તેવુ નુકસાન કરશે.
- આર્થિક પ્રવૃત્તિઓ ખાસ કરીને વ્યાપક પશુપાલન અને કૃષિ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને નબળી આયોજિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આ પ્રદેશને જોખમમાં મૂકે છે અને સમગ્ર બાયોમમાં વનનાબૂદી અને અધોગતિનું કારણ બને છે, ઘણા વિસ્તારો ગંભીર રીતે પ્રભાવિત થાય છે.
- એમેઝોનમાં નદીઓના કિનારે લગભગ 600 ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ચાલી રહ્યા છે.
- 20 આયોજિત રોડ પ્રોજેક્ટ્સ, 400 કાર્યરત અથવા આયોજિત ડેમ અને ખાણકામ પ્રોજેક્ટ્સ નદીઓમાંના પારાના જેવા રસાયણો છોડે છે.

## એમેઝોનનું જંગલ

એમેઝોનના જંગલને 'Amazon RainForest' (એમેઝોન વર્ષાવન) તથા Amazonia તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે એક **'Moist Broadleaf Tropical RainForest'** એટલે કે 'મોટા પાંદડા અને ભેજવાળું ઉષ્ણકટિબંધિય વરસાદી વન' છે.
- દક્ષિણ અમેરિકા ખંડના એમેઝોન બેસિનમાં આશરે **5,500,000 KM²** વિસ્તારમાં આ જંગલો આવેલા છે.
- વિશ્વના કુલ **Rainforest** (વર્ષા કે વરસાદી વન)નો લગભગ અડધો ભાગ આ જંગલો ધરાવે છે.
- આ ઉપરાંત વિશ્વના ઉષ્ણકટિબંધીય વનોમાં સૌથી વધુ જૈવ વિવિધતા આ વનોમાં જ જોવા મળે છે.

## ક્યા દેશમાં આ જંગલ આવેલું છે ?

વિશ્વના કુલ **9** દેશોની સરહદમાં આ જંગલો આવેલા છે.

- જેમાં આ જંગલોનો સૌથી વધુ **60** ટકા વિસ્તાર એકલા બ્રાઝિલમાં જ આવેલો છે.
- બ્રાઝિલ બાદ બીજા ક્રમે પેરુમાં આ જંગલનો **13** ટકા અને ત્યારબાદ ત્રીજા ક્રમે કોલમ્બિયામાં આ જંગલનો **10** ટકા વિસ્તાર આવેલો છે.
- આ જંગલનો બાકીનો **17** ટકા વિસ્તાર વેનેઝુએલા, ઈક્વાડોર, બોલિવિયા, ગુયાના, સુરિનામ અને ફ્રેન્ચ ગુયાનામાં આવેલો છે.

## વિવિધ દેશોનો એમેઝોનના જંગલોમાં હિસ્સો

| ક્રમ | દેશ | હિસ્સો |
|---|---|---|
| 1 | બ્રાઝિલ | 60 |
| 2 | પેરુ | 13 |
| 3 | કોલમ્બિયા | 10 |
| 4 | વેનેઝુએલા, ઈક્વાડોર, બોલિવિયા, ગુયાના, સુરિનામ, ફ્રેન્ચ ગુયાના | 17 |

## શું એમેઝોનના જંગલો વિશ્વનો 20 ટકા પ્રાણવાયુ પૂરો પાડે છે ?

સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે એમેઝોનના જંગલો વિશ્વનો **20** ટકા પ્રાણવાયુ (એટલે કે ઓક્સિજન) પૂરો પાડે છે.

- અને આ કારણે એમેઝોનના જંગલોને 'વિશ્વના ફેફસા' પણ કહેવામાં આવે છે.
- પરંતુ ખરી હકીકત તો એ છે કે પૃથ્વીના કુલ વિસ્તારમાંથી આશરે **71** ટકા ભાગ પાણી અને લગભગ **29** ટકા ભાગ જમીનનો છે.
- જેમાં પૃથ્વીના ફક્ત જમીન વિસ્તારના જ અને એમાંય પ્રકાશસંશ્લેષણ (**Photosynthesis**)ની ક્રિયા દ્વારા ઉત્પન્ન થતા કુલ ઓક્સિજનમાંથી લગભગ **20** ટકા હિસ્સો એમેઝોનના જંગલોનો છે, સમગ્ર વિશ્વમાં ઉત્પન્ન થતા કુલ ઓક્સિજનનો નહિ.

1. તાજેતરમાં 'ક્લાઈમેન્ટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ 2023' જર્મનવોચ, ન્યૂક્લાઈટ ઈન્સ્ટિટયૂટ અને ક્લાઈમેટ એક્શન નેટવર્ક દ્વારા સંયુક્ત રીતે બહાર પાડવામાં આવ્યો હતો. આ ઈન્ડેક્સમાં ભારત કેટલામાં ક્રમે છે ?

(A) 8મા (B) 10મા (C) 17મા (D) 32મા **(A)**

2. તાજેતરમાં NASAએ 16 નવેમ્બર 2022ના રોજ તેનું માનવરહિત ચંદ્ર મિશન ______ સફળતાપૂર્વક લોન્ચ કર્યુ હતું.

(A) Appallo - IV (B) Appallo - IIV

(C) આર્ટેમિસ - I (D) આર્ટેમિસ - III **(C)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'આર્ટેમિસ-I' (Artemis 1) શું છે ?

(A) NASAનું ગુરુ ગ્રહનું મિશન (B) NASAનું ચંદ્ર પરનું મિશન

(C) ફ્રાન્સનું ચંદ્ર પરનું મિશન (D) ફ્રાન્સનું ગુરુ ગ્રહનું મિશન **(B)**

4. વિશ્વમાં કુલ કેટલા દેશોમાં એમેઝોનનું જંગલ આવેલું છે ?

(A) 5 (B) 7 (C) 9 (D) 12 **(C)**

5. એમેઝોનનું જંગલ કયા ખંડમાં આવેલું છે ?

(A) ઉત્તર અમેરિકા (B) દક્ષિણ અમેરિકા (C) યુરોપ (D) દક્ષિણ આફ્રિકા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 19 નવેમ્બર, (1) શ્રીમતી ઈન્દિરા ગાંધી જન્મદિન
## (2) વિશ્વ શૌચાલય દિવસ (World Toilet Day)
## (3) International Men's Day

### વિશ્વ શૌચાલય દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 19 નવેમ્બરના રોજ 'વિશ્વ શૌચાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 'World Toilet Organization' દ્વારા સૌપ્રથમ 2001થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2012-13માં તેને માન્યતા આપવામાં આવી છે.
- વિશ્વ શૌચાલય દિવસ 2022ની થીમ 'Making the invisible visible' છે.

### શ્રીમતી ઈન્દિરા ગાંધી જન્મદિન

ભારતમાં દર વર્ષે 19 નવેમ્બરના રોજ લોખંડી મહિલા અને ભારતના એક માત્ર મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની જન્મજયંતી ઉજવાય છે.

- 19 નવેમ્બર, 1917ના રોજ ઉત્તરપ્રદેશના અલાહાબાદ(પ્રયાગરાજ) ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ભારતના પહેલા અને આજ દિન (19 નવેમ્બર, 2021) સુધીના એકમાત્ર મહિલા વડાપ્રધાન હતા.
- તેઓ સૌપ્રથમ 1966માં શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના નિધન બાદ ભારતના વડાપ્રધાન બન્યા હતા.
- જુલાઈ 1969માં તેમણે 14 બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું.
- 1971માં પૂર્વ પાકિસ્તાનથી ભારતમાં આવેલા શરણાર્થીઓની સમસ્યાના ઉકેલ માટે પાકિસ્તાન સાથે યુદ્ધ કર્યું અને સ્વતંત્ર બાંગ્લાદેશનો જન્મ થયો.
- અણુબોમ્બ બનાવવા માટે 1967માં નેશનલ ન્યુક્લિઅર પ્રોગ્રામ શરૂ કર્યો અને 1974માં 'સ્માઈલિંગ બુદ્ધા (હસતાં બુદ્ધ)'ના સાંકેતિક નામથી રાજસ્થાનના રણ વિસ્તારમાં આવેલા પોખરણ ગામ નજીક પ્રથમ વખત સફળ અણુ પરીક્ષણ કર્યું હતું.
- 1971ની ચૂંટણીમાં 'ગરીબી હટાવો'નું સૂત્ર આપ્યું હતું.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીની ભલામણથી કલમ 352ની જોગવાઈ અનુસાર તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી ફકરુદ્દીન અલી અહેમદે 26 જૂન, 1975ના રોજ ભારતમાં 'આંતરિક અવ્યવસ્થા'ને લઈને 'કટોકટી'ની સ્થિતિ જાહેર કરી હતી.
- જૂન 1984માં પંજાબના અમૃતસરમાં સુવર્ણ મંદિરમાં છૂપાયેલા અને અલગ ખાલિસ્તાનની માગ કરી રહેલા એક જૂથના સફાયા માટે 'ઓપરેશન બ્લ્યુ સ્ટાર' હાથ ધર્યું અને અમૃતસરના સુવર્ણ મંદિર સંકુલમાં લશ્કરી કાર્યવાહી કરી.
- 31 ઓક્ટોબર, 1984ના રોજ નવી દિલ્હી ખાતે તેમના જ અંગરક્ષકો દ્વારા શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી.
- દિલ્હીમાં રાજઘાટ પાસે આવેલું શ્રીમતી ઈન્દિરા ગાંધીનું સમાધિ સ્થળ 'શક્તિ સ્થળ' તરીકે ઓળખાય છે.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીનું ઉપનામ 'પ્રિયદર્શિની' હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિલ્હી ખાતે આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | મિનિંગ |
|---|---|---|---|
| 1 | શ્રી મહાત્મા ગાંધીજી | રાજઘાટ | રોયલ સ્ટેપ્સ |
| 2 | શ્રી જવાહરલાલ નહેરુ | શાંતિવન | ગાર્ડન ઓફ પીસ |
| 3 | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી | વિજય ઘાટ | વિક્ટ્રી પ્લેટફોર્મ |
| 4 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | શક્તિ ઘાટ | પ્લેસ ઓફ પાવર |
| 5 | શ્રી જગજીવન રામ | સમતા સ્થળ | પ્લેસ ઓફ ઈકવાલિટી |
| 6 | શ્રી ચૌધરી ચરણસિંહ | કિસાન ઘાટ | ફાર્મર્સ પ્લેટફોર્મ |
| 7 | શ્રી રાજીવ ગાંધી | વીર ભૂમિ | લેન્ડ ઓફ બ્રેવ |
| 8 | શ્રી જ્ઞાની ઝૈલસિંહ | એકતા સ્થળ | પ્લેસ ઓફ યુનિટી |
| 9 | શ્રી શંકર દયાલ શર્મા | કર્મ ભૂમિ | લેન્ડ ઓફ ડયુટી |
| 10 | શ્રી આઈ. કે. ગુજરાલ | સ્મૃતિ સ્થળ | પ્લેસ ઓફ રીમેમ્બરન્સ |
| 11 | શ્રી ચન્દ્રકાન્ત શેખર | જનનાયક સ્થળ | પ્લેસ ઓફ પિપલ્સ લીડર |
| 12 | શ્રી દેવીલાલ | સંઘર્ષ સ્થળ | પ્લેસ ઓફ સ્ટ્રગલ |
| 13 | શ્રી કિશનકાંત | નિગમબોધ ઘાટ | – |
| 14 | શ્રી પી. વી. નરસિંહ રાવ | પી. વી. ઘાટ | – |
| 15 | શ્રી અટલ બિહારી વાજપેઈ | સદૈવ અટલ | – |

## દિલ્હી સિવાય ભારતના અન્ય સ્થળોએ આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | સ્થળ |
|---|---|---|---|
| 1 | ડો. બાબા સાહેબ આંબેડકર | ચૈત્ય ભૂમિ | દાદર, ચોપાટી, મુંબઈ |
| 2 | શ્રી મોરારજી દેસાઈ | અભય ઘાટ | અમદાવાદ |
| 3 | શ્રી ગુલઝારીલાલ નંદા | નારાયણ ઘાટ | અમદાવાદ |

**નોંધ :** (1) બ્લ્યુ માર્બલ પ્લેટ ફોર્મ અને કાળા આરસપહાણનો ચબૂતરો એ શ્રી મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ રાજઘાટની વિશેષતા છે.

(2) જ્યારે એક મોટું કમળનું ફૂલ અને તેની ફરતે શ્રી રાજીવ ગાંધીનો જીવનકાળ દર્શાવતા નાના 46 કમળના ફૂલ તથા તેની ફરતે ભારતના દરેક રાજ્યમાંથી આવેલી શિલાઓ એ શ્રી રાજીવ ગાંધીના સમાધિ સ્થળ વીર ભૂમિની વિશેષતા છે.

(3) અને એક વિશાળ લાલ–ગ્રે શિલા એ શ્રીમતી ઈન્દિરા ગાંધીના સમાધિ સ્થળ શક્તિ સ્થળની વિશેષતા છે.

## 'No Money For Terror' કોન્ફરન્સ

તાજેતરમાં ભારતમાં નવી દિલ્હીમાં ત્રીજી 'No Money For Terror' (NMFT) મંત્રીસ્તરીય કોન્ફરન્સ યોજાઈ હતી.

- નો મની ફોર ટેરર (NMFT) કોન્ફરન્સનો ઉદ્દેશ્ય આંતકવાદના ધિરાણ સામે લડવા પર આંતરરાષ્ટ્રીય ચર્ચા માટે એક મંચ તૈયાર કરવાનો છે.
- આ કોન્ફરન્સમાં આંતકવાદના ધિરાણના ટેકનિકલ, કાનૂની, નિયમનકારી અને સહકારી પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- 'નો મની ફોર ટેરર' કોન્ફરન્સ વર્ષ 2018માં ફ્રેન્સ સરકારની પહેલ તરીકે શરૂ કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2019માં ઓસ્ટ્રેલિયામાં આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તે ભારતમાં વર્ષ 2020માં યોજાવાની હતી પરંતુ કોવિડ-19 મહામારીને કારણે તે મોકૂફ રાખવામાં આવી હતી.
- દિલ્હીમાં યોજાયેલી 2022ની આ કોન્ફરન્સમાં 72 દેશો અને 15 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
- કોન્ફરન્સ દરમિયાન વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં નીચેના મુદ્દાઓ મુખ્ય હતા :

(1) આતંકવાદમાં વૈશ્વિક વલણો અને આતંકવાદી પ્રવૃત્તિઓને ધિરાણ.
(2) આતંકવાદ માટે ભંડોળના ઔપચારિક અને અનૌપચારિક માધ્યમનો ઉપયોગ.
(3) ઉભરતી તકનીકો અને આતંકવાદી ધિરાણ.
(4) આતંકવાદી ધિરાણ સામે લડવામાં પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





1. ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીનો જન્મદિન ક્યારે ઉજવાય છે ?

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર (C)

2. શ્રીમતી ઈન્દિરા ગાંધીનું સમાધી સ્થળ કયા નામે ઓળખાય છે ?

(A) શક્તિઘાટ (B) વિજયઘાટ (C) રાજઘાટ (D) સ્મૃતિસ્થળ (A)

3. 'ઈન્ટરનેશનલ મેન્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર (C)

4. 'વિશ્વ શૌચાલય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર (C)

5. તાજેતરમાં ત્રીજી 'No Money For Terror' (NMFT) કોન્ફરન્સ કયાં યોજાઈ હતી ?

(A) નવી દિલ્હી, ભારત (B) ટોક્યો, જાપાન

(C) ન્યૂયોર્ક, અમેરિકા (D) સિડની, ઓસ્ટ્રેલિયા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ભારત

➤ **ભારતનો ચા ઉદ્યોગ**

તાજેતરમાં કેન્દ્રીય મંત્રીએ 'ઈન્ડિયન ટી એસોસિએશન' (ITA)ની ઈન્ટરનેશનલ સ્મોલ ટી ગ્રોવર્સ કોન્ફરન્સને સંબોધિત કરી હતી. 1881માં સ્થપાયેલ ટી એસોસિએશન ઓફ ઈન્ડિયા (ITA) એ ભારતમાં ચા ઉત્પાદકોનું અગ્રણી અને સૌથી જૂનું સંગઠન છે. તેણે નીતિઓ ઘડવામાં અને ઉદ્યોગના વિકાસ માટે પગલા ભરવામાં બહુપક્ષીય ભૂમિકા ભજવી છે. ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ચા ઉત્પાદક દેશ છે. 2021-22માં દેશના વાર્ષિક ચાના ઉત્પાદનના લગભગ 83% સાથે ભારતનો ઉત્તરીય ભાગ સૌથી મોટો ઉત્પાદક છે, જેમાં મોટાભાગના ઉત્પાદન માટે આસામનો હિસ્સો છે, ત્યારબાદ પશ્ચિમ બંગાળ આવે છે. આસામ વેલી અને કચર એ આસામના બે ચા ઉત્પાદક પ્રદેશો છે.

➤ **ભારત અને બ્રિટન વચ્ચે યુવા વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સનું આદાન-પ્રદાન**

તાજેતરમાં ભારત અને બ્રિટનમાં વર્ષ 2023માં 'યંગ પ્રોફેશનલ્સ'ની યોજના શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. યુકે 18-30 વર્ષની વય જૂથના 3000 ડિગ્રી ધારક ભારતીયોને બે વર્ષ માટે કામ કરવા માટે પ્રદાન કરશે. આ યોજના વર્ષ 2023ની શરૂઆતમાં શરૂ થશે, જેમાં બ્રિટનના નાગરિકોને પણ ભારતમાં સમાન સુવિધા આપવામાં આવશે.

➤ **આત્મનિર્ભર ભારત (SRI) ફંડ**

ભારત સરકારના આત્મનિર્ભર ભારત (Self Reliant India-SRI) ફંડને એક વર્ષમાં 5,000 કરોડ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. આત્મનિર્ભર ભારત ફંડ એ ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ રૂ.10,000 કરોડનું ફંડ છે. તે SEBI રજિસ્ટર્ડ કેટેગરી-II વૈકલ્પિક રોકાણ ફંડ (AIF) છે જે MSME ક્ષેત્રને વૃદ્ધિ મૂડી પ્રદાન કરવા માટે ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. તે મધર ફંડ અને ડોટર ફંડ (ભંડોળનું ભંડોળ) માળખા દ્વારા કાર્ય કરે છે. મધર ફંડએ સેબી ફંડ છે જે કુલ કોર્પસના 20% સુધીનું રોકાણ કરે છે. ડોટર ફંડ (મોટા ભાગે વેન્ચર કેપિટલ અને પ્રાઈવેટ ફંડ) બાકીના 80 ટકા બહારના સ્ત્રોતોમાંથી એકત્ર કરે છે. આ ફંડ દ્વારા કરાયેલા રોકાણને પાંચગણૂ વળતર મળશે, જે MSME માટે રોકાણની મૂડીનું કુલ મૂલ્ય રૂ.50,000 કરોડ સુધી લઈ જશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **2021 PMAY - U પુરસ્કાર**

2021 PMAY-U પુરસ્કારો રાજકોટ, ગુજરાત ખાતે આયોજિત એક કાર્યક્રમમાં આપવામાં આવ્યા હતા. કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા 2019માં પ્રધાનમંત્રી આવાસ યોજના–શહેરી હેઠળ અમલીકરણ અને નવીનતા માટે PMAY-U પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી. 2021 એવોર્ડ આ પુરસ્કારોની બીજી આવૃત્તિ છે. રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, તમિલનાડુ ટોચના પ્રદર્શન કરનારા છે. 2019 પુરસ્કારો માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રાજ્યો ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશ હતા. પૂર્વોત્તર અને પહાડી રાજ્યોમાં ત્રિપુરા ટોચના પર્ફોમર તરીકે ઉભરી આવ્યું હતું. આ રાજ્યને 2019 માટે પણ એવોર્ડ મળ્યો હતો. જમ્મુ અને કાશ્મીર તથા દાદરા અને નગરહવેલી અને દમણ અને દીવને 'બેસ્ટ પર્ફોમિંગ કેન્દ્રશાસિત પ્રદેશો' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

➤ **કાવેરી દક્ષિણ વન્યજીવ અભ્યારણ્ય**

કાવેરી દક્ષિણ વન્યજીવ અભયારણ્યને તાજેતરમાં તમિલનાડુ રાજ્ય સરકાર દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું. કૃષ્ણગિરી અને ધર્મપુરીના આરક્ષિત જંગલોના વિસ્તારને કાવેરી દક્ષિણ વન્યજીવ અભયારણ્ય તરીકે સૂચિત કરવામાં આવ્યો છે. વાઈલ્ડલાઈફ પ્રોટેકશન એક્ટ, 1972ની કલમ 26A(1)(b) હેઠળ આ જાહેરાત કરવામાં આવી હતી. તે તમિલનાડુનું 17મુ વન્યજીવ અભયારણ્ય હશે. આ નવું સૂચિત વન્યજીવ અભયારણ્ય 686.406 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલુ છે. તે 35 સસ્તન પ્રજાતિઓ અને 238 પક્ષીઓની પ્રજાતિઓનું ઘર છે.

➤ **19મી આસિયાન-ભારત સમિટ**

તાજેતરમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે કંબોડિયાના નોમ પેન્હમાં આયોજિત 19મી આસિયાન–ભારત સમિટમાં હાજરી આપી હતી. ભારતે પ્રાચીન સમયથી ભારત અને દક્ષિણ પૂર્વ એશિયા વચ્ચે અસ્તિત્વમાં રહેલા ઊંડા સાંસ્કૃતિક, આર્થિક અને સભ્યતા સંબંધિ સંબધોની પ્રશંસા કરી અને કહ્યુ કે ભારત–આસિયાન સંબંધો એ ભારતની એક્ટ–ઈસ્ટ નીતિનો કેન્દ્રિત સ્તંભ છે. ભારતે ઈન્ડો–પેસિફિકમાં આસિયાનની કેન્દ્રિયતા માટે તેના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો છે. ASEAN અને ભારતે વર્તમાન વ્યૂહાત્મક ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં અપગ્રેડ કરવાની જાહેરાત કરતુ સંયુક્ત નિવેદન અપનાવ્યુ હતું.

➤ **ડાયરિયા રોગ અને પોષણ પર એશિયન કોન્ફરન્સ**

તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રીશ્રીએ કોલકાતામાં ડાયરિયા રોગ અને પોષણ (ASCODD) પર 16મી એશિયન કોન્ફરન્સને સંબોધિત કરી હતી. આ કોન્ફરન્સમાં વર્ચ્યુઅલ માધ્યમથી ભારત અને અન્ય દક્ષિણ–પૂર્વ એશિયાઈ દેશો, આફ્રિકન દેશો, અમેરિકા અને યુરોપિયન દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ ASCODDની થીમ 'સમુદાયની ભાગીદારી દ્વારા ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં કોલેરા, ટાઈફોડ અને અન્ય આંતરડાના રોગોનું નિવારણ અને નિયંત્રણ : SARS-COV-2 મહામારીની બહાર' હતી.

➤ **ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળો**

41મો ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળો 14 નવેમ્બર, 2022ના રોજ નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે શરૂ થયો હતો. 27 નવેમ્બર સુધી ચાલનારા આ મેળાનું ઉદ્‌ઘાટન ભારતના વાણિજ્ય અને ઉદ્યોગમંત્રીશ્રીએ કર્યુ હતું. આ વર્ષની થીમ છે – વોકલ ફોર લોકલ, લોકલ ટુ ગ્લોબલ એટલે કે સ્થાનિક ઉત્પાદનોને ટેકો આપવો અને વૈશ્વિક સ્તરે વિસ્તરણ. આ મેળામાં 29 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો ભાગ લઈ રહ્યા છે. બિહાર, ઝારખંડ અને મહારાષ્ટ્ર ભાગીદાર રાજ્યો છે. આ ઉપરાંત ભારત–આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, બહેરીન, બેલારુસ, ઈરાન, નેપાળ, થાઈલેન્ડ, તુર્કી, સંયુક્ત આરબ અમિરાત અને યુનાઈટેડ કિંગ્ડમ સહિત 12 દેશો ભાગ લઈ રહ્યા છે. આયુષ મંત્રાલય આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં વૈશ્વિક સ્વાસ્થ્ય માટે આયુષ થીમ હેઠળ વિવિધ આરોગ્ય પહેલ અને સિદ્ધિઓનું પ્રદર્શન કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **મેગાલિથિક દફન સ્થળ/મહાપાષણકાલીન સમાધી સ્થળ**

તાજેતરના તારણો અનુસાર આંધ્રપ્રદેશના તિરુપતિ જિલ્લામાં સૌથી વધુ માનવશાસ્ત્રીય દફન સ્થળ સંગ્રહ છે. એન્થ્રોપોમોર્ફિક અથવા માનવાકૃતિય સાઈટ એ સ્થળનો ઉલ્લેખ કરે છે જ્યાં મેગાલિથિક દફન સ્થળની ઉપર માનવ હાડપિંજરના પુરાવા મળે છે. મેગાલિથ એ એક વિશાળ પ્રાગૈતિહાસિક પથ્થરનો ઉલ્લેખ કરે છે જેનો ઉપયોગ માળખુ અથવા સ્મારક બનાવવા માટે એકલા અથવા અન્ય પથ્થરો સાથે સંયોજનમાં કરવામાં આવ્યો છે. મેગાલિથનો ઉપયોગ મૃતદેહો માટે દફન સ્થળ અથવા સ્મારક સ્થળો તરીકે કરવામાં આવતો હતો. મેગાલિથ ભારતીય ઉપખંડમાં ફેલાયેલા છે. મોટાભાગની મેગાલિથિક સાઈટ્સ દ્વીપકલ્પીય ભારતમાં જોવા મળે છે, જે મહારાષ્ટ્ર (મુખ્યત્વે વિદર્ભમા), કર્ણાટક, તમિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ અને તેલંગાણા રાજ્યોમાં કેન્દ્રિત છે.

➤ **નવમી સૂચી**

તાજેતરમાં ઝારખંડ વિધાનસભાએ પોસ્ટ્સ અને સર્વિસિસમાં ખાલી જગ્યાઓનું અનામત અને મૂળ વ્યક્તિઓ બિલ નામના બે બિલની મંજૂરી આપી છે. જોકે આ બિલોને બંધારણની નવમી અનુસૂચીમાં સામેલ કરવા માટે કેન્દ્ર સરકાર તેમાં સુધારો કરે તે પછી તેનો અમલ થઈ શકે છે. પોસ્ટ્સ અને સર્વિસિસ (સુધારા) બિલ 2022માં ખાલી જગ્યાઓનું ઝારખંડ આરક્ષણ દ્વારા અનામતનો વ્યાપ 77% સુધી વધશે. આ હેઠળ શ્રેણીમાં અનુસૂચિત જાતિઓને 10-12, OBCને અગાઉના 14%ને બદલે 27%, અનુસૂચિત જનજાતિને અગાઉના 26%થી વધારીને 28% અને આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ને 10% પ્રદાન કરવામાં આવશે. જ્યારે ઝારખંડ લોકલ પર્સન્સ બિલ, 2022નો ઉદ્દેશ્ય સ્થાનિક રહેવાસીઓને તેમની જમીન પર નદીઓ, સરોવરો, મત્સ્યોદ્યોગના સ્થાનિક વિકાસમાં ભાગ લેવા સક્ષમ બનાવવાનો છે. નવમી સૂચિમાં કેન્દ્રીય અને રાજ્યના કાયદાઓનો સમાવેશ થાય છે જેને કોર્ટમાં પડકારી શકાય નહીં અને બંધારણ (પ્રથમ સુધારો) અધિનિયમ, 1951 દ્વારા ઉમેરવામાં આવ્યો હતો.

➤ **ભારતમાં રશિયન બેંકોના વોસ્ટ્રો એકાઉન્ટ્સ**

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ ભારત અને રશિયા વચ્ચેના વેપાર માટે રૂપિયાની ચૂકવણી કરવા માટે બે ભારતીય બેંકો (UCO બેંક અને Indusind બેંક)માં નવ વિશેષ વોસ્ટ્રો ખાતા ખોલવાની મંજૂરી આપી છે. રશિયાની બે સૌથી મોટી બેંકો–Sberbank અને VTB બેંક એ પ્રથમ વિદેશી ધિરાણ કર્તા છે જેને ભારતીય રિઝર્વ બેંક દ્વારા રૂપિયામાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર વ્યવહારો કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. વોસ્ટ્રો એકાઉન્ટ નોસ્ટ્રો એકાઉન્ટ્સનું બીજુ નામ છે. તે એક બેંક દ્વારા સેટ કરવાનું એકાઉન્ટ છે. જે ગ્રાહકોને અન્ય બેંક વતી નાણા જમા કરવાની સુવિધા પૂરી પાડે છે. નોસ્ટ્રો એકાઉન્ટ એ એક બેંક દ્વારા બીજી બેંકમાં ખોલવામાં આવેલ એકાઉન્ટનો સંદર્ભ આપે છે. આનાથી ગ્રાહકોને કોઈપણ અન્ય બેંકના ખાતામાં પૈસા જમા કરવાની સુવિધા મળે છે. જ્યારે બેન્કની વિદેશમાં કોઈ શાખા ન હોય ત્યારે તેનો વારંવાર ઉપયોગ થાય છે. નોસ્ટ્રો એ લેટિન શબ્દ છે જેનો અર્થ થાય છે 'આપણું'.

➤ **PESA Act : મધ્યપ્રદેશ**

આદિવાસી વસતીના શોષણને રોકવા માટે મધ્યપ્રદેશ સરકાર દ્વારા પંચાયત એક્સ્ટેન્શન ટુ શેડ્યૂલ્ડ એરયાઝ (PESA) એક્ટ લાગુ કરવામાં આવશે. આ અધિનિયમના અમલીકરણની ઔપચારિક જાહેરાત આદિવાસી ગૌરવ દિવસ (15 નવેમ્બર)ના પ્રસંગે કરવામાં આવી હતી. PESA એક્ટનો હેતુ દેશમાં અનુસૂચિત વિસ્તારમાં રહેતા લોકો માટે પરંપરાગત ગ્રામસભાઓ દ્વારા સ્વ–શાસન સુનિશ્ચિત કરવાનો છે. અનુસૂચિત વિસ્તારો એવા સ્થાનો છે જે મુખ્યત્વે આદિવાસી સમૂદાયો દ્વારા પ્રભુત્વ ધરાવે છે. આ વિસ્તારોને 73માં બંધારણીય સુધારા અથવા પંચાયતી રાજ અધિનિયમ હેઠળ આવરી લેવામાં આવ્યા ન હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સુલભ ભારત અભિયાન**

સુલભ ભારત અભિયાન (AIC) ડિસેમ્બર, 2022માં 7 વર્ષ પુર્ણ કરવા જઈ રહ્યુ છે. આ અભિયાનનો ઉદ્દેશ સમગ્ર દેશમાં દિવ્યાંગજન (વિકલાંગ વ્યક્તિઓ) માટે અવરોધ મુક્ત અને અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો છે. 3 ડિસેમ્બર, 2015ના રોજ વિકલાંગ વ્યક્તિઓના આંતરરાષ્ટ્રીય દિવસ પર ભારતના વડાપ્રધાન શ્રી દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. AIC એ ડિપાર્ટમેન્ટ ઓફ એમ્પાવરમેન્ટ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ (DEPWD), સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયનું રાષ્ટ્રવ્યાપી અભિયાન છે.

➤ **ડિજિટલ શક્તિ 4.0 ની શરૂઆત**

રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)એ 16 નવેમ્બરના રોજ ડિજિટલ શક્તિ 4.0 શરૂ કર્યુ હતું. આ ઝુંબેશ સાયબર સેક્ટરમાં મહિલાઓ અને છોકરીઓને ડિજિટલી સશક્તિકરણ અને કૌશલ્ય આપવાનો સમગ્ર ભારતનો પ્રોજેક્ટ છે. મહિલાઓ અને છોકરીઓ માટે સુરક્ષિત ઓનલાઈન ઈકોસિસ્ટમ સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતાને અનુરૂપ, ડિજિટલ શક્તિ 4.0 મહિલાઓને ડિજિટલ રીતે નિપુણ બનાવવા અને ઓનલાઈન માધ્યમ દ્વારા કોઈપણ ગેરકાયદેસર/અયોગ્ય પ્રવૃત્તિ સામે તેમનો અવાજ ઉઠાવવા માટે જાગૃત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. રાષ્ટ્રીય મહિલા આયોગે તેને સાયબર પીસ ફાઉન્ડેશન અને META સાથે મળીને લોન્ચ કર્યુ છે. દેશભરની મહિલાઓમાં ડિજિટલ જાગરૂકતાનું સ્તર વધારવામાં મદદ કરવા માટે જૂન 2018માં ડિજિટલ શક્તિ શરૂ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **Exercise Sea Vigil-22**

ભારતીય નૌકાદળ દ્વારા 15 અને 16 નવેમ્બરના રોજ એક્સરસાઈઝ સી વિજિલ-22નું આયોજન કરવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા કોસ્ટલ ડિફેન્સ એક્સરસાઈઝની આ ત્રીજી આવૃત્તિ છે. વિવિધ હિસ્સેદારો વચ્ચે સંકલન સુધારીને ભારતના દરિયાકાંઠાના સંરક્ષણને મજબૂત કરવા માટે 2018માં Exercise Sea Vigilની કલ્પના કરવામાં આવી હતી. તે મોટા TROPEX અભ્યાસ તરફ બિલ્ડ–અપ છે. આ રાષ્ટ્રીય સ્તરની કવાયત સર્વોચ્ચ સ્તરે દરિયાઈ સુરક્ષા ક્ષેત્રમાં અને દરિયાકાંઠાના સંરક્ષણમાં ભારતની સજ્જતાનું મૂલ્યાંકન કરવાની તક પૂરી પાડે છે. ભારતીય નૌકાદળ, કોસ્ટગાર્ડ, કસ્ટમ અને અન્ય મેરીટાઈમ એજન્સીઓની સંપત્તિઓએ આ કવાયતમાં ભાગ લીધો હતો.

➤ **વાંગલા ઉત્સવ : મેઘાલય**

10 નવેમ્બરના રોજ મેઘાલયમાં વાંગલા મહોત્સવની 46મી આવૃત્તિ શરૂ થઈ હતી. વાંગ્લા ફેસ્ટિવલ મેઘાલયમાં ગારો સમુદાયનો લોકપ્રિય તહેવાર છે. તેને 100 ડ્રમ ફેસ્ટિવલ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે એક લાણણીનો તહેવાર છે. જે ગારો જાતિના મુખ્ય દેવના સાલજોંગ–પ્રજનન ક્ષમતાના સૂર્યદેવનું સન્માન કરે છે. આ તહેવારની ઉજવણી શિયાળાની ઋતુની શરૂઆત અને પરિશ્રમના સમયગાળાના અંતને ચિહ્નિત કરે છે.

## વિશ્વ

➤ **Best Countries 2022 Ranking**

અમેરિકન મીડિયા કંપની યુએસ ન્યૂઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટે તાજેતરમાં બેસ્ટ કન્ટ્રીઝ 2022 રેન્કિંગ બહાર પાડ્યુ છે. બેસ્ટ કન્ટ્રીઝ 2022 રેન્કિંગમાં 73 વિશેષતાઓમાં 85 દેશોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જે સાહસ, ચપળતા, ઉદ્યોગસાહસિકતા, સામાજિક હેતુ અને જીવનની ગુણવતા સહિત 10 શ્રેણીઓમાં વર્ગીકૃત થયેલ છે. આ અહેવાલ યુએસ ન્યૂઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટ, BAV ગ્રુપ અને યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયાની વ્હાર્ટન સ્કૂલનો સંયુક્ત પ્રયાસ છે. આ રેન્કિંગ નિષ્ણાતો, બિઝનેસ લીડર્સ અને વૈશ્વિક નાગરિકોના સર્વેક્ષણ પર આધારિત છે. 85 દેશોમાં ભારત 31માં ક્રમે છે. એકંદર રેન્કિંગમાં સ્વિત્ઝર્લેન્ડ ટોચ પર છે ત્યારબાદ જર્મની, કેનેડા, યુએસ અને સ્વીડન છે.

➤ **પૂર્વ તિમોર આસિયાનનું 11મું સભ્ય બનશે**

આસિયાનના સભ્ય દેશો પૂર્વ તિમોરને બ્લોકના 11મા સભ્ય તરીકે સ્વીકારવા માટે સૈદ્ધાંતિક રીતે સંમત થયા હતા. પૂર્વ તિમોર એ પૂર્વીય લેસર સુન્ડા ટાપુઓમાં એક અર્ધ–ટાપુ રાષ્ટ્ર છે. તે મલય દ્વીપસમૂહના દક્ષિણ છેડે સ્થિત છે. તે દક્ષિણ પૂર્વમાં તિમોર સમુદ્ર, ઉત્તરમાં ગીતાર સ્ટ્રેટ, ઉત્તરપશ્ચિમમાં ઓમ્બાઈ સ્ટ્રેટ અને દક્ષિણપશ્ચિમમાં પશ્ચિમ તિમોર (ઈન્ડોનેશિયન પ્રદેશનો ભાગ)થી ઘેરાયેલું છે.

➤ **ઈન્ડોનેશિયા જસ્ટ એનર્જી ટ્રાન્ઝિશન પાર્ટનરશિપ**

ઈન્ડોનેશિયા જસ્ટ એનર્જી ટ્રાન્ઝિશન પાર્ટનરશિપ (JETP) G20 સમિટ સાઈડ ઈવેન્ટ પાર્ટનરશિપ ફોર ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ (PGII) ખાતે શરૂ કરવામાં આવી હતી. JETP એ ઈન્ડોનેશિયાની સરકાર અને ઈન્ટરનેશનલ પાર્ટનર્સ ગ્રુપ (IPG) વચ્ચેનો લાંબાગાળાનો રાજકીય કરાર છે. જેમાં યુનાઈટેડ કિંગ્ડમ, જર્મની, ફ્રાન્સ, યુરોપિયન યુનિયન, કેનેડા, ઈટાલી, નોર્વે, ડેનમાર્ક, યુનાઈટેડ સ્ટેટ્સ અને જાપાનનો સમાવેશ થાય છે. ઈન્ડોનેશિયા વિશ્વના ટોચના 10 ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જકોમાં સામેલ છે. JETP દેશને અશ્મિભૂત ઈંધણ પરની નિર્ભરતામાંથી નવીનીકરણીય ઊર્જાસ્ત્રોતમાં ઝડપી સંક્રમણ કરવામાં મદદ કરશે.

## ICE ? Questions

- Best Countries 2022 Rankingમાં 85 દેશોમાં ભારત કયા ક્રમે છે ? – 31મા
- ભારત સરકારના આત્મનિર્ભર ભારત ફંડને એક વર્ષમાં ______ કરોડ રૂપિયાનું દાન આપવાનું વચન આપવામાં આવ્યું છે. – 5000
- કાવેરી દક્ષિણ વન્યજીવ અભ્યારણ્યને તાજેતરમાં કઈ રાજ્ય સરકાર દ્વારા સૂચિત કરવામાં આવ્યું હતું ? – તમિલનાડુ
- તાજેતરમાં કયા શહેરમાં 'ડાયરિયા રોગ અને પોષણ પર 16મી એશિયન કોન્ફરન્સ યોજાઈ હતી ?– કોલકાતા
- 41મો ભારત આંતરરાષ્ટ્રીય વેપાર મેળો કયા શહેરના પ્રગતિ મેદાન ખાતે યોજાયો હતો ? – નવી દિલ્હી
- તાજેતરમાં કઈ રાજ્યની વિધાનસભાએ 'પોસ્ટ્સ અને સર્વિસિસમાં ખાલી જગ્યાઓનું અનામત' અને લોકલ પર્સન્સ' બિલને મંજૂરી આપી છે ? – ઝારખંડ
- તાજેતરના તારણો અનુસાર ______ રાજ્યના તિરુપતિ જિલ્લામાં સૌથી વધુ માનવશાસ્ત્રીય દફન સ્થળ સંગ્રહ છે. – આંધ્રપ્રદેશ
- તાજેતરમાં RBIએ ભારત અને કયા દેશ વચ્ચેના વેપાર માટે રૂપિયાની ચૂકવણી કરવા માટે બે ભારતીય બેંકોમાં વોસ્ટ્રો એકાઉન્ટ્સ ખોલવાની મંજૂરી આપી છે ? – રશિયા
- તાજેતરમાં કયા રાજ્યમાં વાંગ્લા મહોત્સવની 46મી આવૃત્તિ શરૂ થઈ હતી ? – મેઘાલય
- તાજેતરમાં કોણે ડિજિટલ શક્તિ 4.0 શરૂ કર્યુ હતું ? – રાષ્ટ્રીય મહિલા આયોગ
- તાજેતરમાં આસિયાન સભ્ય દેશો કયા દેશને 11માં સભ્ય તરીકે સ્વીકારવા સંમત થયા હતા ? – પૂર્વ તિમોર
- JETPનું પૂરું નામ શું છે ? – જસ્ટ એનર્જી ટ્રાન્ઝિશન પાર્ટનરશિપ
- તાજેતરમાં કોના દ્વારા Exercise Sea Vigil-22નું આયોજન કરવામાં આવ્યું હતું ? – ભારતીય નૌકાદળ
- તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'યંગ પ્રોફેશનલ્સ'ની યોજના શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ? – બ્રિટન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં ગૂગલે ગૂગલ ફોર ડૂડલ સ્પર્ધા વિજેતાઓની જાહેરાત કરી હતી. જેમાં આ વર્ષે કોલકાતાના _____ ને 'ઈન્ડિયા ઓન ધ સેન્ટર સ્ટેજ' શીર્ષકવાળા તેમના પ્રેરણાદાયી ડૂડલ માટે ભારત માટે વિજેતા જાહેર કર્યા છે.
– શ્લોક મુખર્જી

2. _____ દેશ ઈસ્લામિક કાયદા હેઠળ 2027થી દેશમાં વ્યાજમુક્ત બેન્કિંગ સિસ્ટમ લાગુ કરવાની યોજના બનાવી રહી છે.
– પાકિસ્તાન

3. 'No Money For Terror' કોન્ફરન્સનો યજમાન દેશ કયો છે ? – ભારત

4. ભારતનો મલ્ટી મોડલ લોજિસ્ટિક્સ પાર્ક (MMLP) કયા રાજ્યમાં વિકસાવવામાં આવશે ? – તમિલનાડુ

5. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં ONGCની U-Field Onshore Facilitiesનું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?
– આંધ્રપ્રદેશ

6. વિશ્વનું સૌથી ઊંચુ મતદાન મથક તાશીગાંગ કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલું છે ?
– હિમાચલ પ્રદેશ

7. તાજેતરમાં ચર્ચામાં રહેલ શ્રી સમર્થ વ્યાસ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ક્રિકેટ

(તાજેતરમાં BCCIની લિસ્ટ–એ ટુર્નામેન્ટ વિજય હઝારે ટ્રોફીના એક મુકાબલામાં સૌરાષ્ટ્રના શ્રી સમર્થ વ્યાસે બેવડી સદી નોંધાવીને એક વિશેષ ક્લબમાં સ્થાન મેળવ્યું છે.)

8. મેહૂલી ઘોષ કઈ રમત સાથે સંકળાયેલી છે ? – શૂટિંગ

(તાજેતરમાં ભારતના યુવા શૂટર સુશ્રી મેહૂલી ઘોષે એશિયન એરગન ચેમ્પિયનશિપની વિમેન્સ 10 મીટર એર રાઈફલ સ્પર્ધાનો ગોલ્ડ મેડલ જીત્યો હતો)

9. ભારતે તાજેતરમાં કયા બ્લોકના વિજ્ઞાન અને ટેક્નોલોજી ફંડમાં 5 મિલિયન અમેરિકન ડોલરનું યોગદાન આપવાની જાહેરાત કરી છે ?
– આસિયાન (ASEAN)

10. 'નેશનલ હાઈડ્રોજન મિશન' ક્યારે શરૂ કરવામાં આવ્યું હતું ? – 2021

(ભારતે તાજેતરમાં COP27 ખાતે યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC) સમક્ષ તેની લાંબા ગાળાની ઓછી ઉત્સર્જન વિકાસ વ્યૂહરચના રજૂ કરી હતી. નેશનલ હાઈડ્રોજન મિશન 2021માં શરૂ કરવામાં આવ્યું હતું. તેનો હેતુ ભારતને ગ્રીન હાઈડ્રોજન હબ બનાવવાનો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. કયા રાજ્યએ શસ્ત્રોના જાહેર પ્રદર્શન અને હિંસાને વખાણતા ગીતો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો છે ?

– પંજાબ

12. ભારતમાં દર વર્ષે 15 થી 21 નવેમ્બર દરમિયાન ______ સપ્તાહ મનાવવામાં આવે છે.

– નવજાત સંભાળ સપ્તાહ

(આ સપ્તાહ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ બાળકના અસ્તિત્વ અને વિકાસ માટે નવજાત શિશુની સંભાળના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.)

13. 'વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ 2022 મુજબ નવેમ્બર 2022 સુધીમાં વિશ્વની વસતી કેટલી થઈ છે ? – 8 અબજ

14. G20 સમિટ 2022માં કયા દેશે જસ્ટ એનર્જી ટ્રાન્ઝિશન પાર્ટનરશિપ (JETP) પર હસ્તાક્ષર કર્યા છે ?

– ઈન્ડોનેશિયા

15. કયા વૈશ્વિક જૂથે 'Global Shield' વીમા પહેલની જાહેરાત કરી છે ? – G7 અને V20

16. ક્લાઈમેન્ટ ચેન્જ પર્ફોમન્સ ઈન્ડેક્સ (CCPI) અનુસાર કયો દેશ આબોહવા શામનમાં આગળ છે ? – ડેનમાર્ક

17. ______ તુર્કીના ઈસ્તંબુલમાં ઈસ્તિકલાલ એવન્યુ પર બોમ્બ ધડાકા માટે જવાબદાર છે. જેમાં છ લોકો માર્યા ગયા હતા અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. – કુર્દીસ્તન વર્કસ પાર્ટી (PKK)

18. COP27 દરમિયાન ભારતે કયા દેશ સાથે 'Leadit Summit'નું આયોજન કર્યુ હતું ? – સ્વીડન

19. કયો દેશ 'કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝ ટુ CITES'નું યજમાન છે ? – પનામા

20. યુનાઈટેડ નેશન્સે કયા દિવસને 'આઠ અબજનો દિવસ' અથવા 'Day of Eight Billion' તરીકે નિયુક્ત કર્યો છે ?

– 15 નવેમ્બર

21. તાજેતરમાં ફ્રાન્સે ______ માં એક દાયકાથી ચાલતુ ઓપરેશન બરખાને સમાપ્ત કર્યુ છે. – આફ્રિકા

22. તાજેતરમાં 8મી ભારત–નોર્વે મેરીટાઈમ સંયુક્ત કાર્યકારી જૂથની બેઠક ______ માં યોજાઈ હતી. – મુંબઈ

23. ______ દેશના ચૂંટણી પંચે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારને આગામી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને પ્રાંતિય વિધાનસભાની ચૂંટણીઓ માટે આંતરરાષ્ટ્રીય નિરીક્ષક તરીકે આમંત્રણ આપ્યુ છે. – નેપાળ

24. ભારતમાં કઈ દિવસને રાષ્ટ્રીય વાઈ દિવસ અથવા એપીલેપ્સી દિવસ તરીકે ઉજવવામાં આવે છે ? – 17 નવેમ્બર

25. નેશનલ પેન્શન સિસ્ટમ ટ્રસ્ટ (NPS ટ્રસ્ટ)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આઠી છે ?

– શ્રી સુરજ ભાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

26. તાજેતરમાં કયા રાજ્યએ તેની ટેક સમિટની સિલ્વર જ્યુબિલી આવૃત્તિનું આયોજન કર્યું હતું ? – કર્ણાટક

27. તાજેતરમાં નીતિ આયોગના ચોથા પૂર્ણ સમયના સભ્ય તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

– અરવિંદ વિરમાણી

28. કોવિડ પ્રતિબંધોના વિસ્તૃત સમયગાળા દરમિયાન કયા દેશમાં સૌથી વધુ વિદેશીઓ ભારતની મુલાકાતે આવ્યા હતા ?

– અમેરિકા

29. પ્રથમ ગ્લોબલ મીડિયા કોંગ્રેસ ______ માં યોજાઈ હતી. – આબુધાબી

30. Respect for Marriage Act કયા દેશ સાથે સંકળાયેલ છે ? – અમેરિકા

31. ડોની પોલો એરપોર્ટનું ઉદ્ઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ? – અરૂણાચલ પ્રદેશ

32. શ્રી સી.વી. આનંદ બોઝને કયા રાજ્યના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – પશ્ચિમ બંગાળ

33. 2022માં નોર્થ ઈસ્ટ ઓલિમ્પિક ગેમ્સની બીજી આવૃત્તિનું આયોજન કયા રાજ્યએ કર્યું છે ? – મેઘાલય



**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

## Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT